लेखपद्धति.

૫૯૬૧

नमोदेवी  सरस्वती.

મૂલ્ય રૂ. ૦-૪-૦

પોસ્ટેજ માફ.

लेख पद्धति

જીવાભાઈ દાદાભાઈ પટેલે
પોતાના શિષ્યો માટે
લખેલી.

તે

છપાવી પ્રકટ કરનાર
શંકરભાઈ ગબાભાઈ માસ્તર
(હાલ નોકરીનું રાજીનામું આપેલું છે)
પીપલાવ–તાલુકો બોરસદ–જીલ્લો ખેડા.



અમદાવાદ
ધીકાંટે "વિજય પ્રવર્ત્તક" પ્રેસ.

સંવત ૧૯૪૯.   સને ૧૮૯૨.

મૂલ્ય રૂ. ૦—૪—૦ પોષ્ટેજ માફ.

અનુક્રમણિકા.

शिक्षकने सुचना.

ગ્રંથના ઉદ્ભવનું કારણ:-મેં લાંબી મુદત મેહેતાજીની નોકરી કરેલીછે, અને એ દરમિયાન પાંચમા અને છઠ્ઠા ધોરણના છોકરાઓને કાગળો-ખતપત્રો-રીપોર્ટો-ને નામું શીખવવાનાં સાધન વગર મોટી મુશીબત વેઠેલીછે. હાલની લેખાવળી એ બાબતમાં નિરૂપયોગી થઈ પડી છે; પરીક્ષકો પણ તે ઉપર આધાર રાખતા નથી. ગમે તેવો સારો શિક્ષક હોય તો પણ સાધન વગર એનાથી ચોકસ શિક્ષણ આપી શકાતુ નથી. નામાના વિષય ઉપર કેટલાંક પુસ્તકો બ્હાર પડેલાંછે પરન્તુ તે બાળકોની શક્તિ ઉપરાંત છે-ખરૂં જોઈએ તો તે શરાફી ધંધો કરનારનેજ કામનાછે. છોકરાંઓને શરાફજ બનાવવા નથી, પરન્તુ બીજા ઘણા વિષયો શીખવવાનાછે તેથી એવાં મોટા પુસ્તકો ચલાવવાની મેહેતાજીને ફુરસદજ મળતી નથી. તેથી એ પુસ્તકો પણ બાળ શિક્ષણમા નિરૂપયોગી થઇ પડયાં છે. એ પ્રમાણે જે મુશ્કેલી મેં જાતે અનુભવેલીછે તે મ્હારા જાતિ બંધુઓને ન પડે તે હેતુથી આ પુસ્તક પ્રગટ કર્યું છે.

દરેક વિષય ઉપર જે સામાન્ય સમજણ આપીછે તે બધી શિરૂઆતમાં શિક્ષકે ચલાવવી નહિ. પણ જેમ જેમ તેનો ખપ પડે તેમ તેમ તેમાંથી હકીકત મોઢે કરી લાવવા આપવી. જેમકે નામુ શીખવામાં પ્રથમ તેની પદ્ધતિજ ફક્ત શીખવવા માંડીએ તો તેમાં છોકરાં કંઇ સમજશે નહિ. માટે પ્રથમ નામું લખવાની જરૂરની વાત તેમના દિલમાં ઉતાર્યા પછી નામું લખવાની સહેલી રકમો (રોકડી) પ્રથમ લખાવવી. એ લખતાં પ્રથમ આવડશે નહિ તે વખતે પદ્ધતિમાંની જેટલી કલમોની જરૂર પડે તેટલીજ સમજાવવી. પછી આગળ જતાં જરા જરા અઘરી ને નવી નવી બાબતો માહે લાવવા રહેવું. અને તેને માટે અમુક નિયમ ગોખી લાવવા કહેવું. એમ ઉદાહરણની સાથેજ નામું શીખવવાથી છોકરાઓ સારી પેઠે સમજશે અને શિક્ષકને ઓછો શ્રમ પડશે. છોકરાઓ પાસે પ્રથમ

રોજમેળજ બંધાવવો. પછી કેટલાક રોજમેળો લખ્યા પછી તેમને પૂછવું કે ફલાણા પાસે કેટલું દેવું કે લ્હેણુંછે તે શોધતાં તેમને મુશ્કેલી પડશે. એ વખતે દેવું લ્હેણું સ્પષ્ટ જણાવા માટે બીજા ચોપડાની (ખાતાવહીની) અગત્યછે એ તેમના દિલમાં શિક્ષક સેહેજ ઉતારી શકશે એવી રીતે સચોટ' મળેલું જ્ઞાન છોકરાના દિલમાંથી કદી ઉખડશે નહિ, કાગળો-ખતપત્રો વગેરે સઘળું એજ નિયમે શીખવવું. એકવાર પૂરું ચાલી ગયા પછી ફરી ચલાવામાં આવે ત્યારે તો પ્રથમ સામાન્ય સમજણ ચલાવીને બરાબર પાકી કરાવવી. તે વખતે એ તેઓ બરાબર રીતે સમજી શકશે.

આ પુસ્તકમાં સુધારો વધારો કરવાની જે સુચના કરશે તેનો ગ્રંથકર્ત્તા ઉપકાર માનશે.

લેખપદ્ધતિ.

કાગળો વિષે સામાન્ય સમજણ.

દરેક કાગળમાં મુખ્ય ત્રણ ભાગ હોય છે. **૧ મથાળું, ૨ હકીકત, ૩ સમાપ્તિ.** જૂદા જૂદા માણસોના સંબંધમાં તેના દરજ્જા પ્રમાણે, તથા આપણી તેના તરફની લાગણી પ્રમાણે **મથાળું** અને **સમાપ્તીમાં** જૂદા જૂદા શબ્દો વપરાય છે. એટલા માટે આપણા સંબંધમાં આવતા માણસોના ભેદ જાણવા જોઇએ.

આપણા સંબંધમાં આવતા માણસોના ત્રણ વર્ગ થઈ શકે **૧ ચડતી પંક્તિ, ૨ સમાન પંક્તિ, ૩ ઉતરતી પંક્તિ.**

(૧) ચડતી પાયરીમાં બે ભેદ છે. **૧ વડીલ** કે **મુરબ્બી ૨ પૂજ્ય.**

વડીલ—મ્હોટાં ભાઇ બ્હેન, માબાપ, સાસુ સસરો, ગુરૂ, અને રાજા, એઓ તથા એમનાં સમાન કે વડીલ પંક્તિનાં સંબંધી (કાકા, દાદા, મામા, ફુઆ, માસા, કાકા સસરા ઇ૦) એઓનું વડીલપણું શાસ્ત્રમાં માન્ય થએલું છે માટે તેમને ખરેખરા વડીલ સમજવા.

ઉપરી, શેઠ, તથા જેના વડે આપણું ગુજરાન ચાલતું હોય તેમને માનાર્થે **વડીલ** તરીકે ગણવામાં આવે છે.

પૂજ્ય—ધર્મશાસ્ત્રમાં જેઓનું ઉત્તમપણું સ્વીકારેલું છે તેઓ આ વર્ગમાં આવે છે. એમાં (૧) ધર્મગુરૂ, વિદ્યાગુરૂ, રાજા, બ્રાહ્મણો વગેરે ધર્મનાં કે દેશ હિતના કામમાં જીંદગી ગાળનારા. (૨) ગોંસાઇ, વિરાગી વગેરે સંસારથી વિરક્ત થએલા. (૩) જમાઇ, બનેવી, ભાણેજ, વગેરે બ્હેન દીકરીયોનો પરિવાર તથા તેમનાં સાસરિયાં. (૪) પુરૂષના શ્વશુરપક્ષ સિવાયનાં સઘળાં વડીલોનો સમાવેશ થાય છે.

એપરથી જણાશે કે ચડતી પાયરીના ખરૂં જોતાં ત્રણ ભેદ છે. **૧ વડીલ** અને **પૂજ્ય** બન્ને પાયરીવાળા ૨ ફક્ત **વડીલ** (સસરો વગેરે) અને ૩ ફક્ત **પૂજ્ય** (જમાઈ વગેરે.)

જેઓ સાથે સગપણનો અથવા બીજો કશો સંબંધ નથી એવા માણસોમાં જેઓ અધિકાર, જ્ઞાતિ, કુળ, વિદ્યા, દ્રવ્ય, આબરૂ, ઉમ્મર

વગેરે એક કે અનેક સાધનોએ કરીને જેઓનું મહત્વ આપણા કરતાં વધતું હોય તેમને માનને ખાતર પ્રસંગ પ્રમાણે વડીલ કે પૂજ્ય તરીકે લખવામાં આવે છે.

(૨) સમાન પંક્તિ—સરખી પેઢી, લગભગ સરખી વય, અને સરખા મહત્વવાળા સમાન પાયરીમાં ગણાય છે.

(૩) ઉતરતી પંક્તિ—ન્હાનાં ભાઇબ્હેન, ઉતરતી પેઢીવાળા (છોકરા ભત્રિજા વગેરે), પુરૂષનાં સાસરિયાં, તાબેદાર, નોકર, અને એકંદરે જેનું મહત્વ (અધિકાર, જ્ઞાતિ ઇ૦ એ કરીને) આપણા કરતાં ઓછું હોય તેમને ઉતરતી પાયરીના સમજવા.

કન્યાવાળા વરવાળાથી ઉતરતી પાયરીના ગણાય છે, સ્ત્રી જાત પુરૂષ જાતથી ઉતરતી પંક્તિમાં ગણાય છે, હિંદુઓનાં જ્ઞાતિઓ ચડતા ઉતરતી ગણાય છે—જ્ઞાતિઓમાં પણ પાછાં કુળ ચડતા ઉતરતી હોય છે. મુસલમાન અને પારસીઓમાં જ્ઞાતિઓ નથી પણ ચડતા ઉતરતી વર્ગ હોય છે. મુસલમાનોમા આપણા બ્રાહ્મણોની પેઠે સૈય્યદો. પૂજ્ય ગણાય છે.

દરેક વર્ગનું મથાળું ને સમાપ્તિની પદ્ધતિ.

(૧) ચડતી પંક્તિ—જેઓ પૂજ્ય અને વડીલ બન્ને વર્ગમાં આવે છે તેમને **પૂજ્યારાધ્યે, મુરબ્બી** લખવા, જેઓ ફક્ત પૂજ્ય છે તેમને ફક્ત **પૂજ્યારાધ્યે** લખવા, અને જેઓ ફક્ત વડીલ છે તેમને ફક્ત **મુરબ્બી** લખવા. (એપરથી જણાશે કે સસરાને મુરબ્બી લખાય પણ પૂજ્યારાધ્યે લખાય નહિ).

બાપને એ શબ્દોની સાથે **શિરછત્ર, તિર્થરૂપ** લખવા. બીજા જે બાપ જેવા ગણાતા હોય (ગુરૂ, કાકા વગેરે) તેમને **તિર્થસ્વરૂપ** કે **તિર્થરૂપ** લખવા. અને જો તેઓ બાપનીજ ગરજ સારતા હોય તો તેમને **શિરછત્ર** લખવામાં પણ વાંધો નહિ.

આ વર્ગમાં જેઓ અડીને સગા નથી હોતા તેમને મેહેરબાન—મેહેરબાન સાહેબ—સાહેબ—પરમ કૃપાળુ વગરે પ્રસંગ ને સંબંધ પ્રમાણે લખાય છે.

એ બધાંને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ લખાય છે અને પોતાના નામની જોડે 'આજ્ઞાંકિત સેવક' શબ્દ જોડાય છે.

સમાપ્તિ—(પરાયા હોય તો) સેવક પર મેહેરબાની છે તેવીને તેવીજ હમેશ રહેશે એવી આશા છે. (અથવા—તેમાં વધારો કરશો)

(બધાંને) સેવક સરખું કામકાજ (કામ સેવા) ફરમાવશો. એજ વિનતિ.

પછી છેવટે પોતાની સહીની જગા ઉપર સેવક—આજ્ઞાંકિત સેવક—આપનો—આપનો તાબેદાર—હમેશનો તાબેદાર—હમેશનો સેવક—વગેરેમાંનું લઘુતા દર્શક હર કંઇ વિશેષણ લખી તે નીચે પોતાનું નામ લખવાનો ચાલ છે.

વડીલ સ્ત્રીઓને ગંગાસ્વરૂપ લખવાનો ચાલ છે.

(૨) સમાનપંક્તિનું મથાળુ—ભાઇ—ભાઇશ્રી—પ્યારાભાઈ—પ્યારામિત્ર—પ્યારાસાહેબ—મ્હારાપ્યારા—રા.—રા. રા.—મહેરબાન સાહેબ—સાહેબ—સર્વ શુભોપયોગ્ય—શ્રીપ—ઇત્યાદિમાંથી એક કે અનેક વિશેષણોનો ઉપયોગ સંબંધ પ્રમાણે થાય છે. બરાબરિયામાં પૂજ્યારાધ્યે લખવાની જરૂર નહિ છતા નમ્રતાને ખાતર કેટલાક લખેછે. વેપારી લોકમાં એ ચાલ વિશેષ છે. (જુઓ હુંડિયો વગેરે.)

બરોબરિયામાં જ્ઞાતિરીવાજ પ્રમાણે—રામરામ—જેગોપાળ—જુહાર વગેરે લખે. મુસલમાન—પારસી—અને સરકારી નોકરો સલામ શબ્દ વાપરેછે. હિંદાનીમા પ્રણામ લખવાનો ચાલ વધતો જાયછે. શું લખવું તે વિષે શક પડે તો 'યથાયોગ્ય' કે 'ઘટારત' લખે છે.

સમાપ્તિ.—કામકાજ લખશો, સ્નેહમાં વધારો કરશો. એજ વિનંતિ પછી પોતાના નામ ઉપર તમારો—તમારોભાઇ—તમારોમિત્ર—અથવા નમ્રતાને ખાતર સેવક—વગેરે સંબંધ પ્રમાણે લખે છે.

(૩) ઉતરતી પંક્તિ-મથાળુ—એમને માનને ખાતર ભાઇ—ભાઇશ્રી—રા.—શુભોપગાયોગ્ય—ઈત્યાદિ સ્થિતિ પરત્વે લખેછે. અથવા બહુજ ઉતરતી પંક્તિનો અને સંબંધ રહિત હોય તો ફકત તેનું નામ અને અટકજ લખે છે —

એ પંક્તિવાળાને સંબંધ પ્રમાણે—આશિષ—ઘટારત—અથવા—જ્ઞાતિરિવાજ મુજબ જેગોપાળ વગેરે લખે છે.

સમાપ્તિ—'કામકાજ લખજો, એજ' અથવા ફકત 'એજ' લખેછે. અથવા કંઈ પણ ન લખતાં હકીકત પુરી થયા પછી ફકત મીતિ લખે છે. જો સંબંધવાળો હોય તો પોતાના નામ ઉપર 'શુભેચ્છક' શબ્દ લખેછે, નહિતો કંઇએ લખતા નથી.

નાનો, મોટો, કે સમાન હરકોઇને લખવામાં તેને વાજબી માન આપવું અને આપણે યોગ્ય નમ્રતા દેખાડવી એ ઉત્તમ છે. કેટલાક ખોટું અને અયોગ્ય વિશેષણો વાપરે છે તથા નમ્રતામાં કે ખુશામત-

માં તણાયા જઇને અતિશય નીચપણું બતાવે છે તે ઠીક નથી; તેમજ ગર્વિષ્ટપણે લખવું એ પણ યોગ્ય નથી.

પત્રનો મુખ્ય ભાગ જે **હકીકત** તેને માટે વિદ્યાર્થીએ નીચેના નિયમો યાદ રાખવા. સર્વ કરતાં એની કિમ્મત વિશેષ છે. ખરૂં જોતાં એ નિબંધના વિષયની શિરૂઆત છે.

(૧) બાબતો શેળભેળ કરી નાંખવી નહિ પણ જૂદી જૂદી કલમો પાડીને અનુક્રમવાર લખવી.

(૨) એકની એક વાત વારેવારે લખવી નહિ, જે શબ્દો કે વાકયો વાપર્યા વિના ચાલે તે લખવાં નહિ.

(૩) સ્પષ્ટ સમજાય તેવું લખવું, એટલે લખનારના મનમાં કંઇ હોય ને વાંચનાર કાંઈ સમજે એવું ન લખવું.

(૪) વ્યાકરણનો કોઈ પણ નિયમ તૂટવો ન જોઇએ.

(૫) શબ્દો છૂટા લખવા, અક્ષર રૂપાળા લખવા, ને વિરામ ચિન્હો મૂકવાં.

અટક.

જેને પત્ર લખવો હોય તેની અટક જાણવી જોઇએ. **બ્રાહ્મણો**માં ભટ, પંડ્યા, વ્યાસ, વગેરેની અટક હોય છે. **વાણિયા**ને શા. પરી. (પરીખ) પારેખ વગેરે લખે છે. **પાટીદાર**ને પા. (પટેલ) ને **કણબી**ને ચરોતરમાં કણબી, અને બીજા ભાગોમાં ઘણું કરીને પા. લખે છે. **રજપૂત**માં પરમાર, સોલંકી ઈ૦ તથા ધારાળામાં પગી, બારઇયા ઇત્યાદિ અટક હોય છે. અટક ન હોય તો જ્ઞાતિ લખવી. સગાંવ્હાલાંમાં કોઈ અટક લખે છે ને કોઇ નથી લખતા. આપણો દેશી રિવાજ નામની પેહેલાં અટક લખવાનો છે, ઇંગ્રેજોમાં નામની પછી લખે છે.

મુસલમાનોમાં **સૈયદ**ને સૈયદ અથવા મીર, **શેખ**ને શેખ, અને **મોગલ**ને મીરજાં લખે છે. **પઠાણ**ને નામને છેડે ખાં લગાડે છે. **પારસી**ને શેઠ લખે છે.

જ્ઞાતિ રિવાજ.

બ્રાહ્મણ બ્રાહ્મણને **નમસ્કાર**, અને બીજી જ્ઞાતિવાળાને **આશિર્વાદ**, લખે છે. બીજી જ્ઞાતિવાળા બ્રાહ્મણને **પાયેનમું**, **જેમહારાજ**, **પ્રણામ** કે **દંડવત્પ્રણામ** લખે છે. વાણિયાઓ માંહોમાંહે **જેગોપાળ**, **જુહાર** વગેરે લખે છે, પાટીદાર, કણબી, રજપૂત, કોળી વગેરે

(ઘણું કરીને વાણિયા બ્રાહ્મણ સિવાયની સઘળી નાતો) એક બીજાને **રામરામ** લખે છે.

એમાં પાછો ધર્મભેદ.

વૈષ્ણવ વૈષ્ણવને **જેશ્રીકૃષ્ણ**, રામાનંદી **જેસીતારામ**, સ્વામીનારાયણવાળા **જેસ્વામીનારાયણ**, માધવાનંદી **સચ્ચિદાનંદ**, પરણામી **પરણામ**, અને સતનામી **સદ્ગુરૂસાહેબ** માંહોમાંહે લખે છે.

સરકારી નોકરોને **સલામ** લખાય છે. વિદ્વાનોમાં એક બીજાને **પ્રણામ** લખવાનો ચાલ વધતો જાય છે. મુસલમાન અને પારસીઓને **સલામ** લખાય છે, તેઓ માંહોમાંહે પણ એક બીજાને **સલામ** લખે છે. મ્હોટા મુસલમાન હોદ્દેદારને **કુરનસ** પણ લખે છે.

ગામમા ને ગામમાંજ કોઈને કંઈ ખબર આપવાની હોય છે ત્યારે બધો વિવેક ન વાપરતા ટુંકામાંજ લખે છે તેને ચિઠ્ઠી કહે છે.

ચિઠ્ઠિયો.

(મિત્ર ઉપર.)

[1]વ્હાલા મિત્ર માણેકલાલ રણછોડદાસ.

મેં આજરોજ સાંજના ૪ વાગ્યે આપને ત્યાં હિસાબ ગણવા આવવા કહ્યું હતું, પરન્તુ આજે ઘર આગળ કંઇ જરૂરનું કામ આવી પડવાથી મ્હારાથી આવી શકાશે નહિ તે માફ કરશો. એજ વિનતિ. માહાસુદી ૫.

તમારો સત્ય સ્નેહી.

ડાહ્યાભાઈ જમનાદાસના પ્રણામ.[2]

(મિત્ર ઉપર બીજી.)[3]

[4]પ્રિયભાઇ શ્રી રતિલાલ મનસુખલાલ.

તમારૂં માપ કરણનું પુસ્તક આ ચીઠ્ઠી લાવનારને આપશો. મ્હારે સર્ટીફીકેટ પરીક્ષાનો અભ્યાસ કરવો છે તેથી તેની જરૂર છે, અને તે

---

૧ આગળ પાને ૧૩ મે મિત્ર ઉપરનાં વિશેષણો આપ્યાં છે તેમાંનું હરકંઇ વાપરે છે. ૨ નમવું. ૩ મથાળું લખવાના જુદા જુદા રિવાજ છે. પ્રસંગ પ્રમાણે આપેલા નમુનામાંનું વિદ્યાર્થી ગમે તે લખે તે ખરૂં ગણાય. ૪ વ્હાલા.

પરીક્ષા થતા સુધી મ્હારી પાસે રાખવું પડશે. એજ વિનતિ. સંવત ૧૯૪૮ ના મહાસુદી. ૮

તમારો ભાઈ

ડાહ્યાભાઇ જમનાદાસના પ્રણામ.

(ઉત્તર ચિઠ્ઠિ નીચેજ.)

ભાઇ શ્રી,

આ સાથે માપકરણનું પુસ્તક મોકલ્યું છે, તે તમારે જરૂર હોય ત્યાં સુધી તમારી પાસે રાખજો. અભ્યાસ બરાબર સારો કરશો, એમાં તમને કાંઇ કહેવું પડે તેમ નથી. મિતી સદર.×

તમારો ભાઈ.

રતીલાલ મનસુખલાલના પ્રણામ.

(સાધારણ ઓળખાણ.)

રા. [1]ભાણાભાઇ કેશવલાલ.

મેહેરબાન,

આપની પાસે 'સિદ્ધાન્તસાર' નામનું પુસ્તક છે જેમાં ધર્મસંબંધી ઘણા ઉમદા[2] વિચાર જણાવેલા છે, તે વાંચવાની હું ઇચ્છા રાખું છું. તેથી તે આ ચિઠ્ઠી લાવનાર સાથે મોકલવાની કૃપા કરશો એવી આશા છે. પુસ્તક જાળવીને રાખીશ અને વાંચીને થોડા દિવસમાં પાછું મોકલીશ. એજ વિનતિ ફાગણ સુદી. ૨

સેવક.

ડાહ્યાભાઈ જમનાદાસના જેગોપાળ.

(મોટા માણસ ઉપર.)

મેહેરબાન શેઠ સાહેબ સોરાબજી મંચેરજી.

સાહેબજી,

આ ચિઠ્ઠી લાવનારને આપના બાગમાંથી ગુલાબના છોડ કઢાવી આપવાની કૃપા કરશો એવી આશા છે. તસ્દી માફ કરશોજી. એજ વિનતિ. તા. ૧૦–૫–૯૨

આ.[3] સે.

ડાહ્યાભાઇ જમનાદાસની સલામ.

× ઉપર પ્રમાણે. ૧ રાજેશ્રી–(રાજ્ય+શ્રી–લક્ષ્મી) રાજ્યલક્ષ્મીથી શોભતા, રાજા જેવા. ૨ ઉંચા પ્રકારના. ૩ આજ્ઞાંકિત. (આજ્ઞા–હુકમ+અંકિત–ચિન્હ કરેલો તેપરથી) આજ્ઞાને તાબે થયેલો.

(વડીલ ઉપર.)

મુરબ્બી[1] શ્રી કાકા ગિરિધરલાલ.

સેવામાં વિનતિ કે,—મારા પિતાજી આજે સૂરત ગયા છે. ગાડીનો ટાઇમ થઈ જવાથી આપને મળવા આવી શકાયું નથી, પરન્તુ આપને ખબર આપવાનું કહેતા ગયા છે કે, તેમના આવતા સુધી આપ દુકાનની બરાબર તપાસ રાખશોજી. એજ વિનતિ. ફાગણ વદી. ૧૦

આ. સે.

ડાહ્યાના દંડવત્[2] પ્રણામ.

(વેપારી લોકોના કામકાજની.)

મેહેરબાન, પા૦ અમથાભાઇ જીઠ્ઠાભાઇ.

તમારા ખાતાનો હિસાબ કરવા સારૂ આજ સાંજના ચાર વાગ્યે અમારી દુકાને આવશો. તસ્દી માફ કરશો. એજ વિનતિ. માહા સુદી. ૫

સેવક.

શા. બાબર વૃજલાલ.

શા. ગંગાદાસ માધવદાસ જોગ[3] લી. તપોધન. મગનલાલ બેહેચરદાસ, જત અગારી વતી રૂ. ૫૦) અંકે પચાસ મુંબાઇગરા રોકડા પા. કીશા શવજી પાળજાને આપજો. સંવત ૧૯૪૮ ના આસો સુદી. ૨ ને વાર શુક્ર.

દા. તપોધન મગનલાલ બેહેચરદાસ.

---

૧ વડીલ, ભરણ પોષણ કરનારા. ૨ દંડ-લાકડી+વત-પેઠે=લાકડીની પેઠે જમીનપર લાંબા થઇને પગે લાગવું. ૩ ને.

કાગળો.

(બાપ ઉપર.)

સ્વસ્તિ શ્રી અમદાવાદ મહા શુભસ્થાને, પૂજ્યારાધ્યે, શિરછત્ર, તિર્થરૂપ, મુરબ્બી પિતાજી શ્રી મનસુખભાઇ કેશવજી એતાન્ શ્રી નડિયાદથી લી. આ. સે. મોહનના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સ્વીકારશોજી. ઇશ્વર કૃપાથી અત્રે સર્વે કુશળ છે. આપની કુશળ ખબરનો કાગળ ઘણા દિવસથી આવ્યો નથી તેથી ફીકર થાય છે, માટે લખવા તસ્દી લેશોજી. વિશેષ વિનતિ કે, અમારી પરીક્ષા ગઇ તા. ૧ લી ને રોજ થઇ ગઈ છે. તેમાં હું પાંચમા ધોરણમાં પાસ થયો છું, તેથી હવે મ્હારે છઠ્ઠા ધોરણમાં ભણવા માટે નીચે પ્રમાણે ચોપડીઓની જરૂર છે. એ ચોપડીયો હાલમાં અહિંયાં મળી શકતી નથી માટે આપ લેતા આવશોજી.

કિમ્મત	ચોપડીનું નામ.
૦—૮—૦	સાતમી ચોપડી.
૦—૮—૦	ભૂમિતિ સ્કંધ ૧ લો.
૦—૧-૩	આરોગ્ય વિદ્યા.
૧—૧—૩	

એ પ્રમાણે ચોપડિયો નં. ૩ લેતા આવશોજી. ઘર તરફ આપનું પધારવું ક્યારે થશે ત લખશોજી. વાર થાય તેમ હોય તો કોઇ સારો સંગાત મળ્યેથી ચોપડિયો મોકલી દેશોજી. ઘર તરફની કશી ચિંતા રાખશો નહિ. એજ વિનતિ. મિતી ફાગણ સુદી ૨, સંવત ૧૯૪૮

આ. સે.

મોહન.

સ્વસ્તિ=(સુ—સારૂં+અસ્તિ—હોવું. તે ઉપરથી) કલ્યાણ થાઓ. **શ્રી**= (૧) શોભાયમાન, (૨) એ શુભવાચકશબ્દ તરીકે સ્થળને—નામને—કે વિષયને લગાડાય છે. (૩) લક્ષ્મી.

મહાશુભસ્થાને=(મહા—મોટું+શુભ—સારૂં+સ્થાન—ઠેકાણું) મોટું સારૂં ઠેકાણું.

પૂજ્યારાધ્યે=(પૂજ્ય—પૂજા કરવા યોગ્ય+આરાધ્ય—આરાધના—સ્તુતિ કરવા યોગ્ય) પૂજા તથા સ્તુતિ કરવા યોગ્ય.

શિરછત્ર=(શિર—માથું+છત્ર—ઢાંકણ) માથાનું ઢાંકણ. જેમ છત્ર તાપથી બચાવ કરે છે તેમ હરેક દુ:ખથી બચાવનાર **એતાન્**=એમને.

સ્વીકારવું=કબુલ કરવું, અંગીકાર કરવું. **સાષ્ટાંગ**=(સ-સાથે+અષ્ટ-આઠ+અંગ-શરીરના અવયવ) આઠે અંગ સાથે. ઢીંચણથી નીચેના બે અવયવ-ઢીંચણથી કેડ સુધીના બે-કેડથી ગળા સુધીનો એક-બે હાથને એક માથું. **વિશેષ**=વધારે, બીજું. **કુશળ** (મૂળ અર્થ હોશિયાર તેપરથી) સાજાતાજા. **કુશળતા**-કુશળપણું, આરોગ્ય. **વિનતિ**=(વિ-વિશેષે કરીને+નત-નમેલું તે ઉપરથી) વિશેષ નમ્રતાની સાથે કહેવું, અરજ. **લી૦**=લખીતંગ.

બાપનો દીકરા ઉપર.

સ્વસ્તિ શ્રી નડિયાદ મહા શુભસ્થાને ચિ૦ મોહનલાલ મનસુખભાઇ, એતાન્ શ્રી અમદાવાદથી લી. શુભેચ્છક મનસુખભાઇ કેશવજીની આશિષ્ વાંચજો. હું અહિંયાં ખુશીમાં છું. તમારી કુશળ ખબરનો કાગળ ફાગણ સુદી. ૨ નો લખેલો આવ્યો તે વાંચી સર્વે સમાચાર જાણ્યા. મારે હવે દશેક દિવસનું કામ બાકી છે. તે થઇ રહેશે એટલે તુર્તજ ઘેર આવીશ. તમારા લખવા પ્રમાણે ચોપડિયો હું આવીશ ત્યારે લેતો આવીશ. ઘરની બરાબર સંભાળ રાખજો. તમને કંઇ કહેવું પડે એમ છે તો નહિજ. મારા તરફની કશી ફીકર કરશો નહિ. એજ, મિતી ફાગણ સુદી, ૫ સંવત ૧૯૪૮.

શુભેચ્છક.

મનસુખભાઈ કેશવજી.

ચિ૦=ચિરંજીવ-(ચિરં-લાંબી મુદત+જીવ-જીવનાર) લાંબી મુદત જીવનાર (૨) હમેશ જીવનાર એ અર્થમાં પણ એ શબ્દ વપરાય છે.

શુભેચ્છક=(શુભ—સારૂં+ઇચ્છક-ઇચ્છનાર) સારૂં ઇચ્છનાર.

આશિષ્=અંતઃકરણથી સારૂં ઇચ્છવું.

શ્રી.

નડિયાદ, શ્રાવણ સુદી. ૨ રવિવાર.

(કાકા ઉપર.)[1] પરમપૂજ્ય, તિર્થસ્વરૂપ, મુરબ્બી શ્રી તાપીદાસ નથુભાઇ. **મુકામ—સૂરત.**

---

૧ આ કાગળ નવી રીતે ઇંગ્રેજી રિવાજ પ્રમાણે લખેલો છે. દહાડે દહાડે આ રીતનો પ્રચાર વધતો જાય છે. સઘળા કાગળો વિદ્યાર્થી પાસે બન્ને રીતે લખાવવાનો મ્હાવરો કરાવવો નવી રીતમાં પણ થોડા ઘણા તફાવતવાળા અનેક પ્રકાર છે. તે બધા અહિંયાં આપ્યા છે અને તેમાંથી ગમે તે રીતે લખે તે ખરૂં ગણવું.

અહિંયાં સર્વ કુશળ છે, આપની કુશળ ખબરનો કાગળ અમણાં-નો આવ્યો નથી તેથી ફીકર થાય છે માટે સંભારીને લખજો. વિશેષ વિનતિ કે, પગી. બાથી માધા તેના ખાતાનો નોડ મૂકવાનું કહે છે. હાલમાં તેની પાસે ખેતીના પાક વગેરેના રૂપિયા આવેલા છે તેથી અ-મણાં અમણાંમાં તેનો નોડ મૂકીએ તો ઠીક પડે, પછી તે વાપરી ખાશે તો નીકળવા મુશ્કેલ પડશે. માટે આપ જોગ બને તેમ વહેલા પધારશો. આપનું પધારવું ક્યાર ભેરું થશે તે લખશો. ઘર તરફની કશી ફીકર રાખશો નહિ. એજ વિનતિ.

નડિયાદ.
શ્રાવણ સુદી. ૨, રવિ.
સંવત ૧૯૪૮.

આ. સે
છગન ભાણાભાઇના દંડવત્
પ્રણામ.

પરમ=ઘણું. નિર્થસ્વરૂપ=તિર્થ જેવા.

શ્રી.

સુરત. શ્રાવણ સુદી. ૫, બુધવાર

(ભત્રિજા ઉપર.) ચિ૦ ભાઇશ્રી છગનલાલ ભાણાભાઈ.

નડિયાદ.

હું ખુશીમાં છું. તમારી કુશળતાનો સુદી. ૨ નો લખેલો પત્ર આજ પહોંચ્યો. પગી બાથી માધા બાબત તમે લખ્યું તે બરાબર છે. આપણું વાજબી રીતે લાગ સાચવવો જોઇએ. તમારી આટલી ન્હાની ઉમ્મર છતા તમે કામકાજની આટલી બધી કાળજી રાખો છો તેથી હું ઘણો ખુશી થાઉંછું. મારે હવે ચારેક દિવસનું કામ બાકી છે તે થઇ રહેશે એટલે તુર્ત આવીશ. મારા તરફની કશી ફીકર કરશો નહિં. આ-પણા ઘરમાં સર્વેને મારા ઘટારત, કહેશો. એજ.

સુરત.
શ્રાવણ સુદી. ૫, બુધવાર.
સંવત ૧૯૪૮

શુભેચ્છક.
તાપીદાસ નથુભાઇની આશિષ.

ઘટારત=જેને જેમ ઘટે તે પ્રમાણે.

શ્રી

(ગુરૂ ઉપર.) નડિયાદ તા. ૫–૫–૯૨ રવિ.

પરમ પૂજ્ય, પરમ કૃપાળુ, તિર્થરૂપ,

મુરબ્બી ગુરૂજી શ્રી કહાનદાસ ડુંગરભાઇ.

શુભસ્થળ—કરમસદ.

મુરબ્બી સાહેબજી,

આપના આ. સે. ના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સ્વીકારશોજી. ઇશ્વર કૃપાથી હું કુશળ છું. આપ મુરબ્બીશ્રીના કુશળ સમાચાર જાણવા સેવક આતુર છે. વિશેષ વિનંતિ કે, હુ આપની પાસે અત્રે આઠ દિવસની રજા લઇને આવ્યો હતો, પરન્તુ અત્રે મારા મામા માંદા છે અને તેમની સંભાળ લેનાર બીજું કોઇ ન હોવાથી તેમને આરામ થતા સુધી મારે અહિયાં રોકાવાની જરૂર છે. પાંદરેક દિવસ વધારે રોકાવું પડશે એમ લાગે છે. તેથી સેવકને એટલી વધારે રજા આપવાની મેહેરબાની કરશોજી. મારા પિતાજી ઉપર મેં કાગળ લખ્યો છે તેથી તેઓ મારી ચ઼ડેલી ફી આપને પહોચાડશે.

હું અત્રે ફુરસદ મળે તે પ્રમાણે અભ્યાસ કરતો રહુ છું, અને શક પડે છે તેના વિદ્વાનો પાસેથી ખુલાસા મેળવી લઉં છું. સેવકના ઉપર મેહેરબાની છે તેવી ને તેવીજ સદાકાળ રહેશે એવી આશા છે. સેવક સરખું કામ સેવા ફરમાવશોજી. એજ વિનંતિ.

નડિયાદ
તા. ૫–૫–૯૨ } આ. સે
ડાહ્યાભાઇ કાશીદાસ.

શ્રી

કરમસદ તા. ૬–૫–૯૨

(શિષ્ય ઉપર.) ચિ૦ ભાઇશ્રી ડાહ્યાભાઇ કાશીદાસ.

નડિયાદ.

હું ખુશીમાં છું. તમારી કુશળ ખબરનો કાગળ પહોચ્યો. તમારા આવતા સુધી તમારી રજા ગણીશ. તમે તમારો સ્વાર્થ સમજો છો, અને તમારે માટે મને વિશ્વાસ છે કે જરૂર કરતાં વધારે વખત તમે ગુમાવશો નહિજ. તમે અભ્યાસ કરતા હશો તેની મને ખાત્રી છે, અને

વખતનો ખરો ઉપયોગ કરવાની તમને ટેવ પડી છે એથી તમે ભવિષ્ય-માં ઘણાજ સારા નીવડશો. એજ.

કરમસદ.
તા. ૬–૫–૯૨

તમારૂં શુભ ઇચ્છનાર.
કહાનદાસ ડુંગરભાઇની આશિષ.

શ્રી

(મા ઉપર)

પરમ પૂજ્ય તિર્થરૂપ માતુશ્રી હેતાબા[1]
શુભ સ્થળ—નડિયાદ.

અમદાવાદથી લી. આપના આ. સે. ના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સ્વીકારશોજી. હું અત્રે કુશળ છું. આપની કુશળ ખબરનો કાગળ દશેક દિવસપર મળ્યો હતો તે વાચી સમાચાર જાણ્યા. વિશેષ વિનતિ કે, અમારી પરીક્ષા દશેક દિવસ સોરી થવાની છે. તેથી હવે પંદરેક દિવસ સોરો હું ઘેર આવીશ, માટે તમારે અહિંયાંથી કંઇ મગાવવું હોય તો તે બાબતનો તાકીદે કાગળ લખશો. મારી તરફની કશી ફીકર રાખશો નહિ. મને જે સંભારે તેને મારા ઘટારત કહેશો. એજ વિનતિ

અમદાવાદ.
પોષ સુદી. ૨ રવિ,
સંવત ૧૯૪૮

આ સે.
સોમો.

નડિયાદ, મહા સુદી. ૧, સોમ, સંવત ૧૯૪૮

(મ્હોટા ભાઇ ઉપર.)

પરમ પૂજ્ય સુરબ્બી ભાઇશ્રી
મોતીલાલ તુળસીદાસ.
સુરત.

આ. સે. ના દંડવત્ પ્રણામ સ્વીકારશોજી. ઇશ્વર કૃપાથી આપણા ઘરમાં સર્વે કુશળ છે. આપની કુશળ ખબરનો કાગળ અમણાં આવ્યો નથી તેથી સંભારીને લખતા રહેશોજી. વિશેષ વિનતિ કે, આપ અત્રે પધારો ત્યારે નીચે પ્રમાણે સામાન લેતા આવશોજી.

(૧) રેશમી ધોતી જોટો નં. ૧ મારે ઉપયોગમાં આવે તેવો.

(૨) ટોપી નં. ૧ ભાઇ મૂળજીને સારૂ. (હાલ છે તે છેક ફાટી ગઇ છે).

---

[1] ટપાલમાં મોકલવાનો હોય તો ઉપર બાપના નામનું શિરનામું લખવું અગર જોડે બાપના નામથી ઓળખાણ આપવું.

(૩) એક સુંદર ઓઢણું—બ્હેન ગંગાને સારૂ.

(૪) ચાદાની નં. ૧ આપણા ઘરના ઉપયોગ સારૂ.

એટલી ચીજો જરૂર લેતા આવશો. ઘર તરફ આપનું પધારવું ક્યાર સોરૂં થશે તે લખશો. ઘર આગળ આપણા પિતાજી વગેરે સર્વ ખુશીમાં છે. એજ વિનતિ. મિતિ સદર.

આ. સે.

નરસિંહ તુળસીદાસ.

શ્રી

(ન્હાનાભાઈ ઉપર) સુરત, મહાસુદી ૫, શુક્રવાર.

સંવત ૧૯૪૮

ઉમરજાદા ભાઇશ્રી નરસિંહભાઇ

તુળસીદાસ.

ભાઈજી. નડિયાદ.

હું અત્ર ખુશીમાં છું, તમારી કુશળ ખબરનો મહા સુદી ૧૦ નો લખેલો કાગળ પહોચ્યો. તમારા લખવા પ્રમાણે સઘળી ચીજો લેતો આવીશ. મારે હવે પંદરેક દિવસનું કામ બાકીછે તે થઈ રહેશે એટલે ઘેર આવીશ. તમે અભ્યાસ સારો કરતાજ હશો એમાં તમને કંઈ કહેવું પડે તેમ નથી. આપણા પૂજ્ય પિતાજીને મારા દંડવત્ પ્રણામ કહેશો, તથા આપણા ઘરમાં સર્વને મારા ઘટારત કહેશો. એજ. તા. સદર.

મોતીભાઇ તુળસીભાઇની આશિષ.

(ઉમરજાદા—લાંબી ઉમ્મરવાળો). શુભેચ્છક.

શ્રી

(મિત્ર ઉપર) પીપળાવ, વૈશાખ સુદી ૩, ગુરૂવાર.

પરમપ્રિય[1] ભાઇશ્રી છગનલાલ મોતીરામ ભટ્ટ.

વ્હાલા મિત્ર, શુભસ્થળ—**અમદાવાદ.**

ઇશ્વર કૃપાથી હું ખુશીમાં છું. તમારી કુશળ ખબરનું પત્ર ઘણા દિ-

---

૧ ઘણો વ્હાલો. મિત્રને જોડવાનાં અનેક વિશેષણો છેઃ—પ્રાણપ્યારા, પ્રાણપ્રિય, પરમપ્રિય, સલસ્નેહી, સલમિત્ર, સ્નેહસાગર કે સ્નેહ

વસથી આવ્યું નથી તેથી લખવા તસ્દી લેશો. વિશેષ વિનતિ કે મારે સારૂ રેશમીકારનો ધોતીજોડો ૧, લાંબો ગજ ૧૬, તથા બે ગજ પનાવાળો, સાદાકોરનો, કિમ્મત આશરે રૂ. ૧૦) સુધીનો, સારો સંગાત મળ્યેથી મોકલી દેશો. માલ સારો જોઇને લેજો. મૂલ થોડું ઓછું વત્તું બેસે તેની ફીકર નહિ, પણ રૂ. ૧૦) થી બહુ દૂર રહેવો ન જોઇએ. એમા તમને કંઇ કહેવું પડે એમ છેજ નહિ. સંગાત મળ્યેથી રૂપિયા મોકલી દઇશ. કામકાજ લખશો, પત્ર લખતા રહેશો, સ્નેહમાં વધારો કરશો એવું ઇચ્છું છું. એજ વિનતિ.

પીપળાવ વૈશાખ સુદી ૩, ગુરૂવાર. સંવત ૧૯૪૮.	મળવાને આતુર. ‡ પંડ્યા.બેહેચરલાલ જેઠારામના પ્રણામ.

(વેપારી લોકોનો કામકાજનો.)

સ્વસ્તિ શ્રી સુરત બંદરે મહાશુભસ્થાને, પૂજ્યારાધ્યે પરી. શ્રી ૫* પરી. મંગળદાસ ખીમજી જોગ શ્રી અમદાવાદથી લી૦ પરી૦ અનુપચંદ લક્ષ્મીદાસના જેગોપાળ વાંચજો. જત અત્રે ભલું છે. શેઠજીનો ભલાઇનો કાગળ ટપાલ મધ્યે આવ્યો તે વાંચી સમાચાર સર્વે જાણ્યા છે. વળી સંભારીને લખજો. બીજું લખવા કારણ એ છે જે, તમોએ ઘીની ખરીદી વિષે લખ્યું, પણ અહિંયાં હાલમાં તે જથાબંધ મળી શકતું નથી. કમકે દેશાવરની ઘરાકી વિશેષ છે તેથી માલ પડતર રહેતો નથી. તેથી જો તમારી મરજી હોય તો થોડે થોડે જેમ મળે તેમ ખરીદી મૂકીએ. ઘરાકી વિશેષ છે તેથી ભાવ દહાડે દહાડે ચઢતો જાય

સિંધુ (સ્નેહનો સમુદ્ર), જીવજાન (એક જીવ થઇ ગયા હોય તેવા), નેત્રમણિ, સદ્‌ગુણ મૂર્તિ (જાણે સદ્‌ગુણનીજ મૂર્તિ હોય તેવા), સકલશુભગુણાલંકૃત (સકલ–બધા+શુભ+સારા+ગુણ+અલંકૃત–શણગારાયલા), સુખ દુઃખના વિભાગી, તનમનથી અધિક પ્રિય, પ્યારામિત્ર, પ્યારાભાઇ, વગેરે પ્રસંગ, સંબંધ, અને મનની લાગણી પ્રમાણે ગમે તે વિશેષણો વાપરેછે. ઘણું કરીને જોડાની દોસ્તીમાં અને બાળક મિત્રો ઘણાં વિશેષણો વાપરે છે. જેમ જેમ દોસ્તી ગાઢી થતી જાયછે તેમ તેમ ડોળ ઓછો પસંદ કરેછે

‡ લખનાર પોતાના નામ પહેલાં, દર્શનાતુર (દર્શન કરવા આતુર) દર્શનાભિલાષી–દર્શનાપેક્ષી–કે દર્શનાકાંક્ષી (દર્શનની અભિલાષા–અપેક્ષા

છે. હાલ સીકાર † માલના મણ. ૧ ના રૂા. ૧૮ છે આગળ ઉપર જે બને તે ખરૂં માટે તમારી મરજી હોય તે પ્રમાણે જવાબ લખજો. બીજુ અત્રેથી નીચેની વિગતે હુંડી નં. ૧ તમારાપર લખી છે.

૮૦૦) હુંડી. ૧ રૂા. આઠસેંની અમારી વતીને ખાતે તમારા ઉપરની, લખી અત્રેથી અમારી, રાખ્યા શા. માણેકલાલ હેમચંદ પાસેથી, શાહજોગ, મુદતવાર બેમની, લખી વૈશાખ સુદી. ૧૫.

---

૮૦૦)

એણી વિગતે લખી છે તે આવેથી મુદતસર સીકારી નાણાં આપીને ખોખું તરત બીડજો, ભૂલશો માં. કામકાજ લખજો. જે જોઇએ તે મંગાવજો. એજ વિનતિ સંવત ૧૯૪૮ ના વૈશાખ વદી ૨ ને વાર શનેઉ.

દા. મેહેતા. રામજી કાશીદાસના જેગોપાળ વાંચજો.

કંકોત્રી × (ભાણેજ ઉપર.)

સ્વસ્તિશ્રી નડિયાદ મહાશુભસ્થાને પૂજ્યારાધ્યે સર્વ શુભોપમા યોગ્ય દેશાઈ, આશાભાઈ ઉમેદભાઇ. એતાન્‌શ્રી કરમસદથી લી. પા. ના-

---

—આકાંક્ષા=ઇચ્છા, રાખનાર), વિયોગથી પીડિત, તમારો વિયોગી મિત્ર, તમારો સત્ય સ્નેહી, તમારો નિમકહલાલ દોસ્ત વગેરે લખે છે. * 'શ્રી ૫' માનાર્થે શુભસૂચક તરીકે **શ્રી** લગાડાય છે એ પાછળ કહેલું છે. તેમાં પણ સામાના મહત્વ પ્રમાણે ઓછી વધતી શ્રી લગાડાય છે. તેનો સંસ્કૃતમાં એવો નિયમ છે કે (**षड्गुरोःस्वामिनःपंच, द्वौ भ्रातुर्द्विगुणाःरिपोः। श्रीकाराश्च त्रयो मित्रे, चैकैकं पुत्र भार्ययोः॥**) ગુરૂને ૬, સ્વામીને ૫, ભાઇને ૨, શત્રુને બમણી, મિત્રને ૩, તથા સ્ત્રીને અને પુત્રને એકેક શ્રી લખવી. પણ હાલ વ્યવહારમાં એ નિયમ ન પળાતાં ગમે તેને 'શ્રી ૫' લખવાનો ચાલ પડી ગયો છે. † ઉત્તમ

× **कुंकुम पत्रिका**—જેનાપર શુભ ચિન્હ તરીકે કંકુ છાંટવામાં આવે છે તેવી પત્રી. કંકોત્રીમાં મુખ્ય મુદ્દો એ યાદ રાખવાનો છે કે પૂજ્યારાધ્યે કોને લખવા ને કોને ન લખવા.

રણુભાઇ વ્હાલાભાઇના રામરામ વાંચજો. વિશેષ લખવા કારણ એ છે જે ચિરં૦ નરસિંહ ભાઇનાં શુભલગ્ન* વૈશાખ સુદી. ૮ ને બુધવારનાં નિરધાર્યાં† છે. તે ઉપર સાથસર્વે‡ તેડીને વેહેલા પધારશો. તમો આ-વ્યે રૂડું દીસે. વૈશાખ સુદી. ૧, વાર બુધ, સંવત ૧૯૪૮

અશુભ ચિઠ્ઠી (મેલો.)

મહુધા ગામે શા. અમથાભાઇ નથુચંદ જોગ, બોરસદથી લી. શા. ધર્મચંદ કર્મચંદ, જત અમારા ભાઇ શોભાચંદ શ્રાવણ સુદી. ૨ વાર બુધે દેવલોક પામ્યા છે. એ ઘણું માઠું થયું છે, પણ એ વાતમાં આ-પણો ઉપાય નથી. સુખદુઃખ જે માણસને માથે પડે તે પરમેશ્વરપર વિશ્વાસ રાખી સહેવું જોઇએ. શ્રાવણ સુદી ૩ વાર ગુરૂ, સંવત ૧૯૪૮

સૂચના—અશુભ પત્રમાં સ્વસ્તિ-પૂજ્યારાધ્યે-ઇત્યાદિ શુભશબ્દો લ-ખાતા નથી. દેવલોક=સ્વર્ગ.

કેટલાંક મથાળાં.

દાદાને બાપના પ્રમાણેજ. **સસરાને** શિરછત્ર મુરબ્બી લખવા. (તે બાપની ઠેકાણે ગણાય છે.) **મોટાસાળાને** ફકત 'મુરબ્બી' લખવા. **નાનાસાળાને** 'શુભોપમા યોગ્ય ભાઇશ્રી' લખવા. **જમાઇને** 'પરમ પૂજ્ય ચિ૦' લખવા. **બનેવી** મોટા હોય તો 'પૂજ્યા રાધ્યે મુરબ્બી' લખવા, ને નાનો હોય તો 'પૂજ્યારાધ્યે શુભોપમા યોગ્ય' લખવા. **વે-વાઇ** દીકરીનો સસરો હોય તો તેને 'પૂજ્યારાધ્યે શ્રીપ' લખવા, અને છોકરાનો સસરો હોય તો 'શુભોપમા યોગ્ય શ્રીપ' લખવા. **સ્રીને** પ્રિય પત્નિ-પ્રિય અર્ધાંગના-હૃદયના શણુગાર ઇ૦ લખાય. **પતિને સ્રીએ** પ્રિય સ્વામીનાથ-પ્રાણાધાર ઇ૦ લખવું. સામાન્ય સમજણમાં આપેલી હકીકત બરાબર સમજવાથી હરકોઇને શું લખવું તે આવડશે.

---

* એક વચન છતાં માનાર્થે બહુવચન વાપર્યું છે. † નક્કી ક્યાં. ‡ કુટુંબ, મિત્રો, વગેરે.

ખતપત્રો.

સામાન્ય સમજણ.

આમાં પણ મથાળું, હકીકત, અને સમાપ્તીના રીવાજ સ્પષ્ટ જુદા પાડી સમજાવવા. હકીકતમાં સંભારવાનું એ છે કે આગળ ઉપર કશી વાતનો વાંધો પડે નહિ માટે સઘળી ચોકસી કરી લેવી.

સ્ટાંપના દર.

વ્યાજુકુ ખત—રૂ. ૧૦) સૂધીનું બે આનાના કાગળ ઉપર, તે ઉપરાંત રૂ. ૫૦) સૂધીને માટે રૂ. ૦l, પછી ૧૦૦ સૂધી રૂ. ૦ll, પછી ૨૦૦ સૂધી રૂ. ૧), અને પછી એજ પ્રમાણે દરસોએ અથવા તેના હરકોઇ ભાગ ઉપર રૂ. ૦ll વધારે.

ગીરોખત—રૂ. ૫૦) સૂધીનું રૂ. ૦ll ના કાગળ ઉપર, તે ઉપરાંત ૧૦૦ સૂધી રૂ. ૧) પછી ૨૦૦ સૂધીમાં રૂ. ૨), એમ હજાર સૂધીમાં દર સેંકે અથવા તેના હરકોઇ ભાગ ઉપર રૂ. ૧) વધે. એટલે રૂ. ૧૦૦૦) નું હોય તો રૂ. ૧૦) નો સ્ટાંપ જોઇએ; અને તે ઉપર એક પાઇ પણ વધે તો રૂ. ૧૫) નો સ્ટાંપ જોઇએ; અને ૧૫૦૦ ની ઉપર થાય તો ૨૦૦૦ સૂધીમાં રૂ. ૨૦) નો સ્ટાંપ જોઇએ. ઇ૦ **વેચાણ** ખતને માટે પણ એજ પ્રમાણે.

ગીરો અને વેચાણ ખત રજીષ્ટર કરાવવાં જોઇએ. પણ જો તે રૂ. ૧૦૦) ની અંદરનાં હોય ને રજીષ્ટર ન કરાવે તો ગુન્હો ગણાતો નથી.

વ્યાજુકુ ખત દર ત્રણ ત્રણ વર્ષે નવું લખાવવું પડે છે. જો માંહે રૂ. નો વાયદો લખ્યો હોય તો વાયદાના દિવસથી ત્રણ વર્ષ સૂધી મુદત ગણાય છે. વાયદો પણ વધારેમાં વધારે ત્રણ વર્ષ સૂધીનો નાખી શકાય.

રસીટ ટીકીટપર ખાતુ પાડવામાં આવે છે તેમાં વ્યાજનો દર લખાતો નથી. રૂ. ૨૦ થી ઓછી રકમનું ખાતું હોય તો ટીકીટની જરૂર નહિં. **ગણોતનામું** એક સાલી લખવું હોય તો સ્ટાંપની જરૂર પડતી નથી. પણ જો વધારે વરસનો કરાર કરવો હોય તો તેના ઉપર વ્યાજુકા ખત પ્રમાણે સ્ટાંપ લાગુ પડે છે.

ગાયકવાડી સ્ટાંપના દર.

વ્યાજુકુ—રૂ. ૨૫) સુધીના ખત માટે ૩૦)=નો સ્ટાંપ જોઇએ. પછી રૂ. ૫૦) સુધીમાં રૂ. ૦।, ૧૦૦ સુધીમાં ૦॥, ૧૦૦ થી હજાર સુધીમાં દર સેંકડે તથા તેના હરકોઇ ભાગ ઉપર રૂ. ૦॥ મુજબ, અને હજાર ઉપર દર પાંચસેં તથા તેના હરકોઇ ભાગ ઉપર રૂ. ૨) નો સ્ટાંપ જોઇએ. એટલે હજારને માટે ૫) રૂ૦ નો, ૧૫૦૦ સુધીમાં સાત રૂ૦ નો, એ પ્રમાણે સમજવું.

ગીરો—વ્યાજુકા પ્રમાણેજ.

વેચાણ—રૂ. ૨૫) સુધીના દસ્તાવેજ માટે રૂ. ૦॥ નો, ૫૦ સુધીને માટે રૂ. ૧) નો, ૧૦૦ સુધીને માટે રૂ. ૨) નો, તે ઉપરાંત હજાર સુધીમાં દર સેંકડે તથા તેના હરકોઇ ભાગ ઉપર રૂ. ૨) મુજબ, હજાર ઉપર દર પાંચસેં રૂપિયે તથા તેના હરકોઇ ભાગ ઉપર રૂ. ૧૦) મુજબનો સ્ટાંપ જોઇએ.

ગણુવતપટ્ટો—ફક્ત એકજ વરસને માટે રૂ. ૧૦૦) ની અંદરનો હોય તો તેને સ્ટાંપની માફી છે. ૧૦૦) ઉપરાંતની રકમ હોય અથવા ત્રણ વર્ષ સુધીની બાંધણી હોય તો તેની એક વરસની સરાસરીની રકમ ઉપર વ્યાજુકા ખત પ્રમાણે સ્ટાપ જોઇએ છીએ. અને ત્રણ વર્ષ ઉપરની મુદત હોય તો વરસની સરાસરીની રકમ ઉપર વેચાણખતના જેટલો સ્ટાંપ જોઇએ છીએ.

શાહુકારને ત્યાં જે ખાતે બાકીઓ કાઢી આપવામાં આવે છે તેને માટે સ્ટાંપની માફી છે.

રજીષ્ટર—વ્યાજુકુ ખત રૂ. ૧૦૦૦) થી ઉપરનું હોય, તથા સાન ગીરો, કે વેચાણ ખત રૂ. ૧૦૦) ઉપરનું હોય તો તે અવશ્ય રજીષ્ટર કરાવવું જોઇએ; એથી ઓછી કિમ્મતનાં ખતો રજીષ્ટર ન કરાવે તો ગુન્હો ગણાતો નથી.

વ્યાજુકું ખત.

સંવત ૧૯૪૮ ના વર્ષે શ્રાવણ સુદી ૧૦ ને વાર મંગળ તા. ૧૦ મી આગષ્ટ સને ૧૮૯૨ દિને, આદેહ્યંગ શેહેર નડિયાદ વાસ્તેવમ, પંડ્યા મોતીલાલ રઘુનાથજી, જ્ઞાતે વડનગરા નાગર બ્રાહ્મણ, કસબ વ્યાજવટાનો, પારસાત બોરસદ તાલુકાના ગામ પીપળાવ વાસ્તેવમ પા. અમથાભાઈ ખોજેદાસ, જાતે લેઉવા પાટીદાર, કસબ ખેતીનો, હસ્તાખરાણુ, દત્તાનજત, અગ ઉધારે, રૂ. ૫૦) અંકે પચાસ, ગામ ચલણી બાબાશાઇ પૂરા દેવા. એનું વ્યાજ માસ ૧ એ, રૂ. ૧ એ, દોકડા ના લેખે ચઢે. મજમલે માસ એકના દોકડા ઉગા બાધા ચઢે. એ રૂપિયા તથા વ્યાજ દિવાળી બાકી અધિક માસ સુદ્ધાંત ગણીને જ્યારે ધણી માગે ત્યારે આપીએ, ગામ પરગામ આપીએ, દેશ પરદેશ આપીએ. અને ન આપીએ તો અમારી જાતથી તથા વારસથી તથા હરેક મિલકતથી રૂ. પુરા કરી લ્યો, ઉપર લખ્યું તે સહી. આ ખત અમોએ અમારી રાજી ખુશીથી તથા અક્કલ હોશિયારીથી લખી આપ્યું છે તે ખરૂ છે.

૧ પા. અમથાભાઈ ખોજેદાસ મતુ દા. પોતે.

૧ શા. બાલાજી ગોવર્ધન સાખ ધણી બે હજુર.

૧ ભટ. છગનલાલ રણછોડ સાખ ધણી બે હજુર.

લી. પા. નારણભાઈ મકનદાસ ધણી બંન્નેના કહેવાથી લખ્યું છે.

આદેહ્યંગ=(અત્રદેશાંગે ઉપરથી) આ દેશમાં આવેલું. **વાસ્તેવમ**=(વાસ્તવ્યં ઉપરથી) રહેનારા. **પારસાત**=(સં. પાર્શ્વાત્ ઉપરથી) પાસેથી. **હસ્તાખરાણુ**=**હસ્તાક્ષરેણુ**=(હસ્ત–હાથ+અક્ષરેણ–અક્ષરવડે) હાથના અક્ષરવડે. **દત્તાન** (સં. દત્ત ઉપરથી) આપેલા. કોઇ **દતવા** પણ લખે છે. **જત**=જે. **અગઉધારે**=અવેજમાં બીજું કશું નહિ પણ ફક્ત પોતાના અંગ ઉપરજ લીધેલા. **મજમલે**=જુમલે–બધા મળીને. **બાધા**=બીરેલી કુલ રકમ ઉપરના. **વારસ**=છોકરાં છૈયાં–મરનારની મિલકતનો હકદાર. **સહી**=કબુલ. **'રાજીખુશીથી'** લખવાનું કારણ–ખત લખી આપવાની કોઇએ જબરાઇથી જરૂર પાડી નથી, **'અક્કલ હો-**

શિયારીથી' લખવાનુ કારણ—કોઈ વખત એમ બને છે કે, કેફમાં કે ગાંડપણમાં એવાં ખત લખાવી લેવામાં આવે છે, અથવા લખનાર એવું બ્હાનું કાઢી વાંકુ બોલે છે.

ગીરોખત.

સંવત ૧૯૩૨ ના વર્ષે માગશર વદી ૫, ને વાર શુક્ર, તા. ૧૭ મી માહે ડીસેમ્બર સન ૧૮૭૫ દિને, આદેહુંગ ગામ પીપલાવ વાસ્તે વમ, પા. બાઈલાલ બેહેચરદાસ બીન મનોરદાસ, જાતે લેઉવા પાટીદાર, કસબ ખેતીનો, પારશાત એક ગામ વાસ્તેગમ પા. કચરાભાઇ પુંજાભાઇ બીન ઘેહેલાભાઇ, જાતે લેઉવા પાટીદાર, કસબ ખેતીનો દસ્તા ખરાણુ, દત્તાન જત, અહીત ઘરાણે ભોગ ખેતર ૧, દીસ્ત્રીકટ ખેડા, સબ દીસ્ત્રીકટ બોરસદ તાબાના મોજે પીપલાવ ગામની શીમનું, સરવઇ નંબર ૧૫૧ નું, એકર ૧૦ ને ૯ ગુંઠાનું, નામે ભાઠિયું, તેના ખુટની વિગતઃ—ઉગમણે પાસે પા. નારણભાઈ મકનદાસનું ખેતર છે. દખણાતે પાસે ગામ પાળજ જવાનો રાજમાર્ગ છે, આથમણે પાસે પા. જીવાભાઈ કાળીદાસ વગેરેનું ખેતર છે, તથા ઉતર દિશાએ પંડ્યા જગજીવન કેશવરામનું ખેતર છે, એ ખુંટ ચાર વચ્ચેની જમીન આદબદ, વાડ વળગણી, શેડા પાણી, ઝાડ બીડ સમેત ગીરો આપી છે. તેની ઉપર રૂપિયા ૧૨૯૦) અંકે રૂપિયા બારસેંને નેવું સરકાર ચલણી મુંબઇગરા લઇને ઘરેણે આપી છે. એ રૂપિયાનું વ્યાજ નહિ ને ભોગની દાણ નહિ. જ્યારે પૂરેપૂરા રૂપિયા આપિયે ત્યારે ખેતર છુટે. એ જમીનનો સરકાર હક રૂા. ૩૬–૧૨–૦ છે તે તમો ભરો અને ઉપજ ખાઓ. એ ખેતર ખેડો, ખેડાવો, તથા આડગીરો મૂકો; તમારૂં દિલ ચ્હાય તેવો વહીવટ કરો તેમાં અમો કશી હરકત કરીએ નહિ. એ ખેતરમાં જવા આવવાનો તથા હળ ગાડુ વગેરેનો રસ્તો પા. જીવાભાઇ કાળીદાસના ખેતરને ઉગમણે શેડે છે, તથા એ ખેતરનું ચોમાસાનું પાણી રાજમાર્ગમાં જાય છે. આ ખેતર અમારા બાપીકું, અમારા કબજા ભોગવટાનું હતું તે આજ રોજ ત્હમારે કબજે સોંપ્યું છે, આ ખેતરને કોઇ હરહરકત કરે તો તેનો અથવા રૂપિયાનો જવાબ અમો તથા અમારા વાલી વારસો કરીએ સહી. આ ખેતર જે ઋતુમાં મૂક્યું છે તેજ ઋતુમાં છોડાવીએ. આ ખત અમોએ અમારી રાજી ખુશીથી તથા અ-

કુલ હોશિયારીથી લખી આપ્યું છે તે ખરૂં છે. ઉપર લખ્યું તે સહી.

અત્રે ——— મતુ   અત્રે ——— સાખ

૧ પા. કચરાભાઈ પુંજાભાઇ મતુ
દા. પોતે.

૧ પંડ્યા જગજીવન કેશવરામ સાખ
ધણી બે હજુર.
૧ પા. શંકરભાઈ મથુરભાઈ સાખ
ધણી બે હજુર.
લી. બારોટ બાપુજી પુરૂષોત્તમ ધણી
બંન્નેના કહેવાથી લખ્યું છે.

ગીરો=ઘરેણે=રૂા. અવેજમાં લઇને કંઈ આપવું, જે રૂા. આપ્યેથી પાછું મળે. ગ્રહીત (સં. ગૃહ્ ધા. ઝાલવું) અવેજમાં આપવા કાઢેલું. ભોમ=જમીન. દીસ્ટ્રીકટ=જીલ્લો. સબદીસ્ટ્રીકટ=તાલુકો. સરવઈનંબર=સરકારે માપણી કરીને ખેતરને નંબરો આપેલા છે તે. ખુંટ=હદ. અદબદ=જે એમને એમ. વાડવળગણી=વાડ વગેરે. દાણ=સાંથ, ભાડું. આડગીરો=બીજાને ત્યાં ઘરેણે મુકવું.બાપીકું—બાપદાદાએ મેળવેલું, વારસામાં મળેલું. કબજો=હવાલો, તાબો. ભોગવટો=ઉપયોગ કરવો. હરહરકત=નુકશાન. વાલી=સંભાળ લેનાર.

વેચાણ ખત.

સંવત ૧૯૩૯ ના વર્ષે ફાગણ વદી ૧૦ ને વાર સોમે, તા. ૨ જી માહે એપ્રિલ સન ૧૮૮૩ દિને. આદેહંગ ગામ પીપલાવ વાસ્તે વમ, પા. ભાઇલાલ બેહેચરદાસ, બીન મનોરદાસ, જ્ઞાતે લેઉવા પાટીદાર, કસબ ખેતીનો, ઉમ્મર વર્ષ ૪૦, પારસાત એક ગામ વાસ્તે વમ ભટ રેવાશંકર આત્મારામ, બીન શિવરામ, જ્ઞાતે વાલમ બ્રાહ્મણ, ધંધો જજમાનવૃત્તિનો. ઉમ્મર આશરે વર્ષ ૫૦, દસ્તાખરાણ, દત્તાનજત, વક્રીત વેચાણ, ભોમ ખેતર ૧, દીસ્ટ્રીકટ ખેડા, સબદીસ્ટ્રીકટ બોરસદ, તાબાના ગામ પીપલાવની સીમનું, નામે વાડીવાળુ. સરવૈ નંબર ૫૬૨, એકર ૨ ને ગુંઠા ૩૫ નું, તેના ખુંટની વિગત:—પૂર્વ દિશાએ પા. દાજીભાઇ છબાભાઇનું ખેતર છે, દક્ષિણે પા. ખોડાભાઈ દેવજીનું ખેતર છે, પશ્ચિમે પા. શંકરભાઇ ગબાભાઇનું ખેતર છે, તથા ઉત્તર દિશાએ દરિયાં તલાવડી છે. એ ખુંટ ચાર વચ્ચેનું અદબદ, વાડ વળગણી,

શેડા પાળી, ઝાડ ભીડ, સમેત વેચાણુ આપ્યું છે. તેની કિંમતના રૂ-પિયા ૫૮૦) અંકે પાંચસોને એંશી ગામ ચલણી બાબાશી લઈને વેચાણુ આપ્યું છે. યાવતચંદ્ર દિવા કરો વેચાણુ આપ્યું છે. અભ-રામ કુલ ન દાવે વેચાણુ આપ્યું છે. આકાશથી પાતાળ સુધી વેચાણુ આપ્યું છે. એ ઉપર હવે અમારો કે અમારા વાલી વારસોનો કોઇનો કોઈ પણુ પ્રકારનો હક દાવો રહ્યો નથી. એ ખેતર અમારા બાપીકું અમારા કબજા ભોગવટાનું હતું, તે આજરોજ તમારે કબજે સોંપ્યું છે. અને હવેથી એ તમારી વંશ પરંપરાની મિલ્કત છે. એ ખેતર ઉ-પર સરકારનો હક છે તેના આકારના રૂપિયા તમો ભરજો. એ ખેતર નો તમારે દિલ ચહાય તેવો વહીવટ કરો તેમાં કોઇ હર હરકત કરે નહિ અને જો કોઇ હર હરકત કરે તો તેનો જવાબ અમો તથા અ-મારા વાલી વારસો દઇએ સહી. અને જો ખેતર તમારા કબજામાંથી જાય તો રૂપિયાનો જવાબ અમો તથા અમારા વાલી વારસો દઇએ સહી. અને જો ન દઇએ તો અમારી હરેક મિલ્કતથી રૂપિયા પુરા ક-રી લ્યો. એ ખેતરમાં જવા આવવાનો તથા હળ ગાડાનો માર્ગ પા. દાજીભાઈ છબાભાઇના ખેતરને આથમણે શેડે છે. એ ખેતરનું ચોમા-સાનું પાણી હરિયાં તલાવડીમાં જાય છે. આ ખેતર અમોએ અમારી રાજી ખુશીથી તથા અક્કલ હોશિયારીથી લખી આપ્યું છે તે કબુલ મંજુર છે. ઉપર લખ્યું તે સહી.

અત્રે ——————— મતુ   અત્રે ——————— સાખ.

વકીત—વેચવા કાઢેલું. **યાવતચંદ્ર દિવાકરો** (સંસ્કૃત દ્વિવચન છે. **યાવત્**—જ્યાં સુધી+**ચંદ્ર**+**દિવાકર**—સૂર્ય) જ્યાં સુધી ચંદ્ર સૂર્યની હ-યાતી હોય ત્યાં સુધી. **અઘાટ**—કંઇપણુ હક રાખ્યા વિના. **અભરામ કુલન દાવા**=કોઇપણુ પ્રકારનો હક કદી ન પહોંચે.

ઘરના ખત વિષે સમજણુ.

ઘરનું વેચાણુ ખત હોય તો તેનું ચોમાસાનું પાણી ક્યાં થઇને જાય છે, વગેરે લખવું, તથા એ ઘરને અંગે કંઈ ખડકી—વાડો વગે-રેમાં હિસ્સો આવતો હોય તો તે જણાવવું. ઘરનું ગીરો ખત હોય તો ઘર પડેઆખડે તેની મરામત અમો કરાવી આપીએ, અને અમે

ન કરાવી આપીએ ને તમારે કરાવવું પડે તો જે ખર્ચ થાય તેનું દર માસે દર રૂપિયે ા દોકડા વ્યાજ સાથે એ રૂપિયા તથા ગીરોના રૂપિયા આપીએ ત્યારે ઘર ઉપર અમારો હક પહોચે છ૦ લખાવી લેવું.

ભાડાચિઠ્ઠી.

સંવત ૧૯ ૪૮ના વર્ષે શ્રાવણ સુદી ૫ ને વાર મંગળ. પરી૦ મંગળદાસ નથુભાઇ રહેવાશી સૂરત શેહેરના, જોગ લી. મજકુરના પંઆ. રામજી હરિભાઇ, જત તમારૂં ઘર ૧ મજકુરના હરિપરા મધ્યે પાડાપોળમાં છે. તે બધા ઇમલા સાથે અમોએ ભાડે રાખ્યું છે. તેનું ભાડું દર વર્ષે રૂા. ૨૫) અંકે પચ્ચીસ ચઢે, તે વરસ પુરૂં થએ ચુકવી આપીએ સહી જય સૂધી ઘર અમો કબજે રાખિયે ત્યાં સૂધી એ પ્રમાણે ભાડું આપ્યાં જઇએ સહી. અને તમે ઘર ખાલી કરવાની ખબર આપો ત્યાર પછી ૧૦ દિવસ સૂધીમાં ઘર ખાલી કરી તમારે હવાલે કરીએ સહી. અને ચઢેલું ભાડું ચૂકવી આપીએ સહી. એ ઘરનાં નેવાં ચળાગણીની મજુરીનું ખર્ચ અમારે શિર છે, અને નળિયાંની ખોટ તમારે પુરી કરવાની છે. ઉપર લખ્યું તે સહી.

અત્રે ———— મતુ	અત્રે ———— સાખ
પંઆ. રામજી હરિભાઇ મતુ દા. પોતે આ ભાડાચિઠ્ઠી અમોએ અમારે હાથે લખી છે.	૧ શા. બાબર વૃજલાલ સાખ ધણી એ હજુર.
	૨ પંઆ. જગજીવ કેશવરામ સાખ ધણી એ હજુર.

મજકુર=ઉપર જે આવ્યું તે. **ઇમલા**–ઓરડો–પરશાળ વગેરે ઘરનાં સર્વ અંગ.

ગણોતનામું.

સંવત ૧૯૪૮ ના વર્ષે વૈશાખ સુદી ૧ વાર બુધે, પા. ડુંગરભાઇ વાહાલાભાઇ રહેવાશી કરમસદના, જોગ લી. મજકુરના પગી. ધનાબના તારાપરા. જત તમારૂં ખેતર નામે સૂકા કુવાવાળું વીઘાં ૫ (સરવે નંબર જાણતા હોય તો લખવો) અમોએ સંવત ૧૯૪૯ ની ફસલ ઉ-

પર સાથે ખેડવા રાખ્યું છે તેની સાથના રૂપિયા વરસ ૧ ના ૫૦) અંકે પચાસ ગામચલણી બાબાશાઇ કર્યા છે. તે સરકારના હપતા પ્રમાણે અર્ધા અર્ધા બે હપતે આપીએ સહી. સંવત ૧૯૪૯ ના વૈશાખ સુદી ૩ સૂધીમાં ખેતર તમારે હવાલે કરીએ, અને તે ઉપર ખેડ ખાતરનો કે કશાનો હક રાખીએ નહિ. ઉપર લખ્યું તે સહી.

અત્રે ______ મતુ અત્રે ______ સાખ

† પગી. ધના બના તારાપરા મતુ દા.લખીતંગના. સહી ઉપર નિશાન તેને હાથે કરાવ્યું છે.

પા. ગોવિંદભાઇ જેસંગભાઈ સાખ ધણી બે હજુર.
પગી. ગબા છગા સાખ દા. લખીતંગના.
લી. પા. ઇશ્વરભાઇ દાદાભાઇ ધણી બે હજુર લખ્યું છે.

ધર્મપત્રિકા—એટલે ધર્માદા આપી દીધાનો લેખ. વેચાણ ખતમાં અને એમાં ફેર એટલો કે, એમાં 'વેચાણ આપ્યું છે' તે જગાએ. 'શ્રી[1] કૃષ્ણાર્પણ આપ્યું છે' એમ લખવું. એમાં રૂા. નો આંકડો આવે નહિં. હકના સંબંધમાં વેચાણના જેવાજ મુદ્દા આવે.

(રસિટ ટીકીટ પરખાતુ.)

પગી પથા સક્કરનું ખાતું. સંવત ૧૯૪૮.

જ. ______ ઉ. ______

૫૦) અંકે રૂપીઆ પચાસ રોકડા. સંવત ૧૯૪૮ ના ભાદરવા વદી. ૧૨ ને રોજ લીધા તે અમારે તમોને આપવા.

પગી પથા | સક્કર સહી | દા. પોતે.

---

૧ કૃષ્ણને અર્પણ—પરમેશ્વરને અર્પણ.

હુંડિયો.

સામાન્ય સમજણ.

(૧) હુંડી—શાહુકારની આબરૂ ઉપર નાણાં મળે એવી ચિઠ્ઠીને હુંડી કહે છે.

(૨) હુંડીની જરૂર—આપણે પરદેશ વેપાર અર્થે કે જાત્રા અર્થે જવું હોય ત્યારે સાથે રૂપિયા રાખીએ તો રસ્તામાં સાચવવાની તથા લૂંટાવાની બીક રહે, તેથી અહિંના કોઇ સાહુકારને ત્યાં રૂ. ભરી તેની પાસેથી પરદેશના કોઇ શાહુકાર ઉપરની ચીઠ્ઠી લઇએ, તો તે શાહુકાર અહીંના શાહુકારની વતી આપણને રૂ. આપે, તેથી આપણને રસ્તામાં કશી બીક રહે નહિં. ઇંગ્રેજી રાજ્ય નહોતું ત્યારે રસ્તામાં લૂટવાની બહુ બીક હતી, તે વખતે એવી હુંડિયોનો બહુ ખપ પડતો. વળી હુંડિયોનું કામ ટપાલના મનીઑર્ડરો બજાવે છે, તેથી એવી હુંડિયોની જરૂર ઓછી રહી છે.

પરન્તુ હુંડિયોનો ઘણો ઉપયોગ તો વેપારીઓનાં અરસપરસ લેણાં દેણાં વાળવામાં થાય છે. જાણે કે નડિયાદના વેપારીઓ મુંબાઇથી કાપડ વગેરે માલ મંગાવે છે, અને મુંબાઇના વેપારીઓ નડિયાદથી તમાકુ, રૂ વગેરે ખરીદે છે. તેથી જાણે નડિયાદના શા. માણેકલાલને મુંબાઈના શેઠ સોરાબજીનું દેવું થયું. અને મુંબાઈના શેઠ ખેમચંદને નડીયાદના પા. ગંગાદાસનું દેવું થયું તેઓ એકબીજાપર રોકડા રૂપિયા મોકલે તો ખર્ચ વધારે થાય. તેથી માણેકલાલ ગંગાદાસ પટેલને ત્યાં રૂપિયા ભરીને તેમની પાસેથી શેઠ ખેમચંદના ઉપરની હુંડી લે, અને તે સોરાબજીના ઉપર બીડે, તો સોરાબજી એ ચીઠ્ઠી ખેમચંદને આપીને તેમની પાસેથી રૂપિયા લે, એટલે ચારે જણને અરસ્પરસ દેવું પતી ગયું, ને કોઇને રોકડા રૂપિયા ગણવાની જરૂર રહી નહિં.

હમેશ કંઇ અરસ્પરસ દેવું લેણું હોય તોજ હુંડિયો લખે છે એમ કંઇ નથી શરાફ (નાણાવટી) લોકો હુંડિયામણની પેદાશ માટે પણ એકબીજા સાથે આડત રાખી અરસ્પરસ હુંડિયો લખે છે.

(૩) વેપારીની વતી પરદેશમાં જે શખ્સ માલની ખરીદી અથવા વેચાણ કરે છે તેને **આડતિયો** કહે છે. શરાફ લોકો એક બીજાપર અરસ્પરસ હુંડિયો લખવાની આડત પણ રાખે છે.

(૪) આડતીયાને વેચાણ અથવા ખરીદીની રકમ ઉપર સેંકડે અમુક ટકા કમીશન દાખલ આપવામાં આવે છે તેને **આડત** કહે છે.

(૫) વેપારિયો કે શરાફો ઘણું કરીને પોતાના આડતિયા ઉપરજ હુંડિયો લખે છે. અને જો પરાયા ઉપર લખી હોય તો તેટલી કિંમત-ની અવેજી ચીઠ્ઠી ગમે તે રીતે પણ તેનાપર મોકલી દે છે.

(૬) હુંડી લખી આપનાર હુંડી લખાવનાર પાસે સેંકડે અમુક ર-કમ લે છે તેને **હુંડિયામણ** કહે છે. (આશરે સેંકડે રૂા. ૦। કે ૦॥ હોય છે) હુંડિ લખીઆપનારને હુંડી આપ્યા બદલ હુંડિયામણ કોઇવાર મળે છે તેમ કોઇવાર જોડવું પણ પડે છે. એટલે ૧૦૦) થી ઓછા રૂા. લઇને ૧૦૦) ની હુંડી લખી આપે છે. જ્યારે બજારમાં નાણાંની ભીડ હોય–હુંડી લખી આપવાની ગરજ ઘણાને હોય, ને રાખનારા થોડા હોય, ત્યારે એમ બને છે. ને એથી ઉલટું હોય ત્યારે હુંડીના ભાવ ચઢે છે,

(૭) હુંડી લખાવનાર ધણી **'રાખ્યાવાળા'** કહેવાય છે.

(૮) હુંડી બે પ્રકારની છે. ૧ **શાહજોગી**. ૨ **નામજોગી.**

શાહજોગી—એ હુંડી બીજાને વેચી શકાય છે અને તેના રૂ-પિયા હરકોઇને ખોળાધર ‡ આપવાથી મળી શકે છે. **નામજોગી**—એ હુંડીના રૂપિયા રાખ્યાવાળા ધણીતેજ, અથવા જેને અપાવાનું તેણે હુંડીમાં લખાવ્યું હોય તેનેજ મળે છે. એ હુંડી વેચી શકાતી નથી.

હુંડી જ્યારે વેચે છે ત્યારે તેના મથાળાપર લખે છે કે "લી. ફ-લાણા ફલાણા, જત આ હુંડી અમોએ ફલાણાને વેચી છે"

(૯) વેપારી લોકો કેટલીકવાર **અમારીવતીને** ખાતે હુંડિયો લખે છે અને કેટલીકવાર **તમારીવતીને** ખાતે લખે છે.

આડતિયાના મંગાવ્યા વિનાજ પોતાની ખુશીથી હુંડિયો લખે છે તે **અમારીવતીને** ખાતે કહેવાય છે. એ હુંડામાં હુંડિયામણ વગેરેના નફા નુકશાનનો માલિક લખનાર પોતે છે. જ્યારે આડતિયાના મંગાવ્યાથી હુંડિયો લખે છે અથવા ખરીદ કરીને મોકલે છે ત્યારે તે **તમારીવતીને** ખાતે કહેવાય છે. એવી હુંડિયોમાં નફા ખોટનો માલિક આડતિયો છે. પણ વરસ આખરે તેનો જેટલો નફો આપણી પાસે લ્હેણો થાય તે ઉપર અમુક હકસાઈ આડત બદલ આપણને તે કાપી આપે છે.

---

‡ ઓળખાણ બાબતનો જામીન.

(૧૦) બધી હુંડિયોના રૂપિયા કંઇ તુર્તજ મળતા નથી. પણ તે હુંડી પાકે ત્યારે એટલે તેમાં જે મુદ્દત લખી હોય તે પૂરી થાય ત્યારે મળે છે. હુંડીમાં મુખ્ય મુદ્દતો નીચે પ્રમાણે લખે છે.

(૧) તુર્ત મુદ્દતની—એટલે હુંડી દેખાડે કે તુર્તજ રૂપિઆ મળે.

(૨) મુદ્દતદિન વળતાની—એટલે બીજે દિવસે રૂપિયા મળે.

(૩) મુદ્દતવાર ભોમની—એટલે ચોથે દિવસે રૂપિયા મળે.

(૪) મુદ્દત દિન ચારની—નવમે દિવસે રૂપિયા મળે (કેટલીક ઠેકાણે ૧૩ દિવસે મળે છે.)

(૫) બાંધી મુદ્દત—અમુક દિવસે, અથવા અમુક દહાડા પછી રૂ. આપવાનુ હુંડીમાં લખ્યું હોય તે પ્રમાણે મળે.

(૧૧) જેના ઉપરની હુંડી હોય તેની પાસે આપણે હુંડી લઇને જઇએ ત્યારે તે હુંડી ઉપર તે દિવસની મીતિ લખીને હુંડી આપણને પાછી આપે છે તેને **દેખાડ ઘાલીઆપી** કહે છે.

(૧૨) પછી જે મુદ્દતની હુંડી હોય તેટલા દિવસ થાય, ત્યારે આપણે તે હુંડી લઇને તેને ત્યાં જઇએ ત્યારે તે આપણને તેમાં લખેલા રૂ. આપે છે, અને તે બદલ હુંડીની પીઠપર આપણી પાસે પહોચ લખાવી લેછે. તેને **ભરપાઈ** કહે છે. એવી રીતે કે 'આ હુંડીના રૂપિયા મને ભરીપુરીને પહોચ્યા છે.' એવી રીતે હુંડી શીકરાઈ એટલે તે **ખોખું** કહેવાય છે. અને પછી શિકારનાર, એ ખોખું લખનાર ધણીપર બીડી દેછે.

(૧૩) હુંડી જેનાપર લખી હોય તે ધણી હુંડીના રૂપિયા આપે તો તેણે **હુંડી શીકારી** (સ્વીકારી—કબુલ કરી) કહેવાય છે. અને જો તે ન શીકારે તો રાખ્યાવાળો ધણી. તે લખનારને પાછી લાવીને આપેછે. એટલે લખનાર ધણીએ તેની પાસેથી જેટલા રૂપિયા લીધા હોય તે પાછા આપે છે. તથા તે ઉપરાંત સેંકડે એક ટકા લેખે ખેપ ન કરામણ[૧] આપે છે. તથા દોકડા લેખે વ્યાજ આપે છે. મહિનાથી ઓછી મુદ્દત થઈ હોય તોપણ મહિનાનું વ્યાજ આપે છે. અને મહિના ઉપર થઇ હોય તો જેટલી મુદ્દત થઈ હોય તેટલી સઘળી મુદ્દતનું વ્યાજ આપે છે. પણ જેના ઉપરની હુંડી હોય તે ધણી દેવાળુ કાઢે અને

---

૧ **ખેપ**—તેને અથડામણુ થઇ તે બદલ+**ન કરામણ**=ન શીકાર્યું તે બદલ.

તેથી હુંડી ન શીકરાય તો એપ ન કરામણુ તથા વ્યાજ મળતું નથી. કેમકે એમાં લખનારની શાહુકારીનો દોષ નથી, તેથી ફક્ત આપેલા રૂપિયાજ પાછા મળે છે.

(૧૪) હુંડી ગેરવલ્લે પડે તો લખનાર ધણી ફરીથી ચિઠ્ઠી લખી આપે તેને **પેંઠ** કહે છે. પેંઠ ગેરવલ્લે પડે તો **પરપેંઠ** મળે, અને પરપેંઠ ગેરવલ્લે પડે તો **કાગળ** મળે.

(૧૫) હુંડી શીકરાતા પેહેલાં લખનાર ધણી દેવાળું કાઢે તો **રાખ્યાવાળાના** રૂ. જાય, અને પછી કાઢે તો **શીકારનારના** જાય.

એ રીતે હુંડિયોનો વ્યવ્હાર ચાલે છે. તે વિદ્યાર્થીએ શાન્ત મગજથી સમજવો જોઇએ. હુંડિયોના સંબંધમાં બીજી પણ ઘણી ઝીણી બાબતો જાણુવા જેવી છે પરન્તુ તે જેને સરાફી ધંધો કરવો હોય તેનેજ કામની છે.

હુંડી શાહજોગી.

લી. પરી. મોતીલાલ માણેકલાલ.

જત આ હુંડીનાં નાણાં શીકારી આપજો. દા. પોતે.

સ્વસ્તિ શ્રી સૂરત બંદરે, મહાશુભસ્થાને, પૂજ્યા રાધ્યે, પરી. શ્રી ૫. પરી. ઝવેરીલાલ હીરાલાલ. જોગશ્રી અમદાવાદથી લી. પરી. મોતીલાલ માણેકલાલના જેગોપાળ વાંચજો. જત અત્રેથી રાખ્યા પંડ્યા અમૃતલાલ રઘુનાથજી પાસેથી રૂ. ૪૦૦), અંકે ચારસેં, નીમે રૂપિયા બસેંથી બમણા પુરા રોકડા લીધા છે. તેની મુદ્દત હુંડી પહોચ્યા પછી દિન ચારની, નામે શાહ વેપારીજોગ, રૂપિયા હુંડીની રીતના, અથ ઠામ ઠેકાણું ચોકસ કરીને આપજો. નિશાની એ જે કાગળ મધ્યે લખીશું. સંવત ૧૯૪૮ ના અશાડ સુદી. ૫ ને બુધ.

નીમે નીમે રૂપિયા એકસોથી ચોગણા ચારસેં પુરા કરી આપીએ.

દા. મેહેતા હેમચંદ નિમચંદના જેગોપાળ વાંચજો.

| ૪૦૦ |

શીકારવું=કબુલ કરવું. **નીમે**=અર્ધ ભાગ. **શાહ વેપારીજોગ**—હુંડી લાવનાર શાહુકાર હોય તો તેને આપજો. અથવા ખોળાધર (ઓળખાણ લઇને આપજો. **અથ**=રૂપિયા **ઠામઠેકાણું**=લેવા આવનારનું વતન વગેરે (કેમકે એ હુંડી ગમે તેને વેચી શકાય છે) **નીશાની એ**

જે કાગળ મધ્યે લખીશું—હુંડી લાવનાર ખરીજ હુંડી લઇને આવ્યો છે તે બાબતની આડતિયાની ખાતરી થવા માટે લખનાર ધણી આડતિયા ઉપર એક અલ્હાયદો કાગળ મોકલે છે. તેમાં તે સમજી શકે તેવી કામકાજ વગેરેની નિશાનીઓ લખે છે. જો હુંડી ધણીજોગી હોય તો રાખ્યાવાળાના અંગ ઉપરની તલ વગેરે નિશાનીઓ લખે છે.

પેંઠ.

લી. પરી. મોતીલાલ માણેકલાલ.

જત આ પેંઠ લખ્યા પ્રમાણે શીકારી નાણાં આપજો.

દા. મેહેતા ભવાનીશંકર રામશંકર.

સ્વસ્તિશ્રી સૂરત બંદરે મહાશુભસ્થાને પૂજ્યા રાધ્યે, પરી. શ્રીપ પરી, ઝવેરીલાલ હીરાલાલ જોગશ્રી અમદાવાદથી લી. પરી. મોતીલાલ માણેકલાલના જેગોપાળ વાંચજો. જત તમારી ઉપર પ્રથમ હુંડી. ૧ રૂ. ૪૦૦) ની અંકે ચારસેંની, નીમે રૂપિયા બસેથી બમણા પુરાની, લખી અમારી, રાખ્યા પંજ્યા અમૃતલાલ રઘુનાથજી પાસેથી, મુદત હુંડી પહોંચ્યા પછી દિન ચારની નામે શાહ વેપારી જોગ, રૂપિયા હુંડીની રીતના ચલ દામ ઠેકાણું એકમ કરીને આપજો. નિશાની એ જે કાગળ મધ્યે લખીશું. લખી સંવત ૧૯૪૮ ના અશાડ સુદી. ૫ ને વાર બુધે લખી છે. તે રાખ્યાવાળા ધણી કહે છે જે હુંડી ગેરવલ્લે પડી છે. માટે આ પેંઠ લખી આપી છે. તેથી તમો તમારો આવરો, તથા ખાતુ, તથા રોજમેળ, તથા નોંધ સર્વે જોઇ તપાસીને હુંડી શીકારી નાણાં નહિ આપ્યાં હોય તો આ પેંઠ શીકારી નાણાં આપજો. અને જો હુંડી શીકારી નાણાં આપ્યા હોય તો આ પેંઠ રદ છે. વાંચીને ફાડી નાખજો. અમો તમને સનદર થઇને વાર એક મજરે આપીશું તે જાણજો. સંવત ૧૯૪૮ ના શ્રાવણ સુદી ૨ વાર ગુરૂ.

નીમે નીમે રૂપિયા એકસોથી ચારગણા ચારસેં પુરા કરી આપજો. **દા. મેહેતા ભવાનીશંકર રામશંકરના જેગોપાળ.**

| ૪૦૦ |

આવરો તથા **નોંધ** વિષે જુઓ **શનદ**=લેખ, દસ્તાવેજ. **મજરે**=હિસાબમાં. **રદ**=ફોક, નકામી.

પરપેંઠ.

લી. પરી. મોતીલાલ માણેકલાલ.

જત આ પરપેંઠ લખ્યા પ્રમાણે શીકારી નાણું આપજો. દા. પોતે.

સ્વસ્તિ શ્રી સુરત બંદરે, મહાશુભસ્થાને પૂજ્યારાધ્યે, પરી. શ્રી ૫ પરી. ઝવેરીલાલ હીરાલાલ. જોગશ્રી અમદાવાદથી લી. પરી. મોતીલાલ માણેકલાલના જેગોપાળ વાંચજો. જત અમોએ પ્રથમ તમારા ઉપર હુંડી. ૧ રૂ. ૪૦૦) ની અંકે ચારસેંની નીમે રૂપિયા બસેંથી બમણા, પુરાની રાખ્યા પંડ્યા અમૃતલાલ રઘુનાથજી પાસેથી. મુદ્દત હુંડી પહોચ્યા પછી દિન ચારની, નામે શાહ વેપારીજોગ, રૂપિયા હુંડીની રીતના, અથ ઠામઠેકાણું ચોકસ કરીને આપજો, નિશાની એ જે કાગળ મધ્યે લખીશું, મીતિ સંવત ૧૯૪૮ ના જેઠ વદી. ૧૧ વાર શનેઉની લખી આપી હતી. ત્યાર પછી શ્રાવણ સુદી. ૨ એ પેઠ લખી આપી છે. તે રાખ્યાવાળા ધણી કહે છે જે હુંડી તથા પેઠ સનદોર ગેરવલ્લે પડી છે. તેથી આ પરપેંઠ લખી આપી છે. માટે તમો તમારો આવરો તથા રોજમેળ, તથા ખાતુ, તથા નોંધ જોઇ તપાસીને હુંડી તથા પેંઠ સનદોર મધ્યે શીકારી નાણું નહિં આપ્યાં હોય તો આ પરપેંઠ શીકારી નાણાં આપજો. કદાચ હુંડી તથા પેઠ સનદોર મધ્યે શીકારી નાણું આપ્યાં હોય તો આ પરપેંઠ રદ છે, વાંચીને ફાડી નાખજો. અમો તમને સનદોર વણ થયાને વાર ૧ ગજરે આપીશું તે જાણજો. સંવત ૧૯૪૮ ના શ્રાવણ સુદી ૧૨ વાર મગળ.

નીમે નીમે રૂપિયા એકસોથી ચારગણા ચારસેં પુરા કરી આપજો. **દા. મેહેતા ભવાનીશંકરના જે; ગોપાળ વાંચજો.**

| ૪૦૦ |

જેમ પેંઠપરથી પરપેંઠ લખી છે તેમજ પરપેંઠપરથી કાગળ લખી શકાશે તે વિધાર્થીની પાસેજ જોડાવવો.

નામજોગી હુંડી.

લી. પા. હાજીભાઇ છબાભાઇ.

જત આ હુંડી શીકારી નાણું આપજો દા. પોતે.

સ્વસ્વિ શ્રી ઇંદોર મહાશુભસ્થાને પુજ્યારાધ્યે પા. શ્રી ૫. પા. ખો-

ડાભાઇ દેવજી. એતાન્ શ્રી પીપલાવથી લી. પા. દાજીભાઇ છગાભાઇના રામરામ વાંચજો. જત અત્રેથી રાખ્યા પંડ્યા મંછારામ ઘેલેલાભાઈ પાસેથી, રૂા. ૨૦૦) અંકે બસેં, નીમે રૂપિયા સોથી બમણા પુરા રોકડા લીધા છે. તેની મુદ્દત હુંડી પહોચ્યા પછી દિન વળતાની નામે* પા. ભીખાભાઇ જીજીભાઈ જોગ આપજો. નિશાની એ જે કાગળ મધ્યે લખીશું. સંવત ૧૯૪૮ ના ભાદરવા સુદી. ૧૪ વાર સોમે.

નીમે નીમે રૂપિયા પચાસથી ચો- ગણા બસેં પુરા કરી આપજો.

દા. પંડયા. છોટાલાલ વેણીરામના આશિર્વાદ.

| ૨૦૦ |

ભલામણ.

સ્વસ્તિશ્રી અમદાવાદ મહાશુભસ્થાને પુજ્યા રાધ્યે, શા. શ્રીપ શા. હીરાચંદ રણછોડ. જોગશ્રી પીપલાવથી લી. પા. દાજીભાઇ છગાભાઇના રામરામ વાંચજો. જત અત્રેથી પંડ્યા મંછારામ ઘેલેલાભાઈ અમદાવાદ આવ્યા છે તેમને રૂા. ૫૦૦) અંકે પાંચશેં સુધી અમારે ખાતે ઉધારીને આપજો. અને તેની પહોંચ લખાવી લઇને અમારાપર બીડજો. એની બાંધણી આજથી એક માસ સુધીની છે. તે ઉપરાંત આવે તો અમારો જવાબ મંગાવીને આપજો. સંવત ૧૯૪૮ ના આસો સુદી. ૧ ને વાર ગુરૂ.

દા. પા. દાજીભાઈ છગાભાઇ.

ભલામણ—પરદેશમાં કોઇને નાણાં અપાવા સારૂ આડતિયાપર લખેલી ચિઠ્ઠી.

માલનું ભરતિયું

સ્વસ્તિ શ્રી નડિયાદ મહાશુભસ્થાને પૂજ્યરાધ્યે શા. શ્રી ૫ શા. મોહનલાલ ગણેશજી. જોગશ્રી મુંબાઇ બંદરથી લી. શા. ધર્મચંદ કર્મ-

---

* જો રાખ્યાવાળાનેજ આપવાના હોય તો "નામે રાખ્યાવાળા ધણીજોગ આપજો" એમ લખે છે. પછી તેના અંગ ઉપર તલ વગેરે નિશાનીઓ હોય તે અલ્હાયદા કાગળમાં જણાવે છે. તે જોઇને તેને રૂા. આપે છે.

ચંદના જેગોપાળ વાંચજો. જત અત્રેથી તમારી વતી કાપડની ગાંસડી. ૧ કાલરોજ રેલવે મારફત રવાના કરી છે તેનું ભરતિયું નીચે પ્રમાણે ઉતારી મોકલ્યું છે.

૨૮૧। ાા કાપડના નીચેની વિગતે.

૧૦૬। માદરપાટના તાકા નં. ૨૫, વાર ૩૮, ઈંચ ૫૦, નંબર. ૧૫૨૫ દર તાકાના રૂા. ૪। લેખે.

૬૫) માદરપાટ તાકા ૨૦, વાર ૩૦, ઈ. ૪૨, નં. ૩૬૨ દર રૂા. ૩।.

૫૬। ધોતી જોટા નં. ૩૦, વા. ૧૦, ઈ. ૫૦, નં.૨૫૫, દર રૂ. ૧ાાા=

૫૦) ધોતી જોટા નં. ૪૦, વાર ૮, ઈ. ૩૬, નં. ૫૫૫, દર રૂા. ૧।.

૧૨ાા દુપટા રેશમી જોટા ૧૦, વાર ૮, ઈ. ૫૦, દર રૂા. ૧। લેખે.

૨૯૦

૮ાા≈। વળતર દર સેંકડે ૩ ટકા લેખે.

૨૮૧। ાા

૮) ાા ખરાજાતના નીચેની વિગતે.

ાાા બાંધણુ સારૂ કંતરાણ.

૦)= ગાંસડી બંધામણીની મજુરીના.

૦। સ્ટેશન સુધી લઈ જવાનું ભાડું.

૪) નડિયાદ સુધીનું રેલવે ભાડું.

૨ાા=ાા અમારી દલાલી દર રૂપીએ દોકડા ૧ લેખે.

૮) ાા

૨૯૦ાા—।

એ રીતે ભરતિયું ઉતારી મોકલ્યું છે તે પહોચ્યેથી માલ તપાસી જમા ખર્ચ કરી જવાબ લખજો. ભૂલચૂક લેવી દેવી. સંવત ૧૯૪૮ માગશર સુદી. ૨.

અરજીઓ તથા રીપોર્ટો.

સામાન્ય સમજણ.

અરજી તથા રીપોર્ટમાં તફાવત—સરકારી અધિકારિયો સરકારી કામકાજની હકીકત પોતાના ઉપરીને લખે તે **રીપોર્ટ**, અને તેઓ તથા રૈયત વર્ગના માણસો પોતાની ખાનગી હકીકત સંબંધી સરકારને અરજ કરે તે **અરજી** કહેવાય છે.

મથાળું, હકીકત, અને સમાપ્તિ વિષે પાછળ લખાઇ ગયું છે તે વિદ્યાર્થીએ યાદ કરવું. અરજીઓ લખનારને રાજ્યપદ્ધતિનું થોડુંક જ્ઞાન હોવું જોઇએ, તેથી તે નીચે લખીએ છીએ.

કલેક્ટર એ જીલ્લાનો રાજા કે પિતા છે એમ કહીએ તો ચાલે. રેવીન્યુ અને પોલીસ ખાતુ તેના પ્રત્યક્ષ અધિકારમાં છે, અને બીજાં સઘળાં ખાતાં (ઇંજનેર, સરવઇ, નિશાળ વગેરે) તેની દેખરેખમાં છે. વળી કલેક્ટરનામાં બે હોદ્દાનો સમાવેશ થએલો છે. (૧) **કલેક્ટર**, (૨) **માજીસ્ટ્રેટ**. તે જ્યારે રેવીન્યુ ખાતાનું એટલે ઉપજ વસુલ કરવા સંબંધીનું કામ કરતો હોય છે ત્યારે **કલેક્ટર** કહેવાય છે, અને ફોજદારી ગુન્હાનો ઇનસાફ કરવાનું કામ કરે છે ત્યારે **માજીસ્ત્રેટ** કહેવાય છે.

કલેક્ટરના તાબામાં એક કે વધારે આસિસ્ટંટ કલેક્ટરો, એક ડીસ્ટ્રીક્ટ ડેપ્યુટી કલેક્ટર, અને એક હજુર ડેપ્યુટી કલેક્ટર હોય છે. આસિસ્ટંટ કલેક્ટર અને ડી. ડેપ્યુટી કલેક્ટરને દેખરેખને માટે તાલુકા વેંહેંચી આપે છે. અને હજુર ડેપ્યુટી કલેક્ટર જીલ્લાના સ્થળમાં રહીને ત્રીજોરીનું કામ કરે છે વળી એ સઘળા કલેક્ટરની પેઠે માજીસ્ટ્રેટનું કામ પણ કરે છે. આસિ૦ કલેક્ટર અને ડી. ડે. કલેક્ટરના તાબામાં દરેક તાલુકાને માથે મામલતદાર હોય છે તેઓ તથા તેમના અવલ કારકુનો પણ માજીસ્ટ્રેટનું કામ કરે છે.

કલેક્ટર, આસિ૦ કલેક્ટરો, અને ડે૦ કલેક્ટરો ફસકલાસ (પેહેલા વર્ગના) માજીસ્ટ્રેટ હોય છે. મામલતદાર સેકન્ડ ક્લાસ (બીજા વર્ગનો) અને અવલ કારકુન થર્ડ ક્લાસ (ત્રીજા વર્ગનો) માજીસ્ટ્રેટ હોય છે. પછી કોઇએ ઓછીવતી ડીગ્રી પણ મેળવેલી હોય છે.

જીલ્લાના પોલીસ ખાતાનો ઉપરી સુપરીટેંડેંટ છે, તેના હાથ ની-

ચે પોલીસ ઇન્સ્પેક્ટર, ને તેના હાથ નીચે દરેક તાલુકામાં એકેક ફોજદાર હોય છે. ફોજદારના હાથ નીચે જમાદાર, હવાલદાર, નાયક, કાન્સ્ટેબલો (સિપાઇયો) અનુક્રમે છે. પોલીસ ખાતાના સઘળા અધિકારિયોનું કામ ગુન્હા પકડવાનું છે. ઇન્સાફ કરવાનો તેમને બીલકુલ અધિકાર નથી. તેઓ ગુન્હેગારોને પકડીને માજીસ્ટ્રેટને હવાલે કરે છે, અને પછી તેઓ તેમનો ઇનસાફ કરે છે.

ગામના કે રૈયતના સાર્વજનિક લાભો જાળવવાની અરજીઓ કલેક્ટરને આપવી. (મામલતદારને આપે તોપણ ચાલે.) સાંથના રૂપિયા, અપમાન, મારામારી છ માસની અંદરનો સ્થાવર મિલ્કતનો કબજો વગેરેની ફરિયાદ મામલતદારને કરવી. લેણાદેણાની અને છ માસ ઉપરનો કબજો ભોગવટો છોડાવવાની ફરિયાદ દીવાનીકોર્ટમાં કરવી. ચોર લૂંટારા વગેરે ગુન્હેગારોને પકડવાની ફરિયાદ ફોજદારને કરવી.

ફોજદારને ઇંગ્રેજીમાં ચીફકાન્સ્ટેબલ (ચીફ—મુખ્ય+કાન્સ્ટેબલ—સિપાઇ) કહે છે. મામલતદારને રાવસાહેબનો ખેતાબ મળેલો છે.

